# માણેકચંદ શેઠ બન્યા શ્રી માણિભદ્રવીર



# માણેકચંદ શેઠ બન્યા શ્રી માણિભદ્રવીર

## (બીજી આવૃત્તિ)

## ~~*~~ શુભેચ્છકોની નામાવલી ~~*~~

| | | |
|---|---|---|
| (૧) | શ્રીમતી જયશ્રીબેન અશ્વિનભાઇ મહેતા | સુરત |
| (૨) | સ્વ. છગલાલ ઝવેરચંદ ચોકસી | બુહારીવાળા |
| (૩) | શ્રી જયંતિલાલ જીતમલભાઇ શાહ | સુરત, ધાનેરાવાળા |
| (૪) | સ્વ. શ્રી કાન્તિલાલ જયકીશનદાસ વખારીયા | સુરત |
| (૫) | શ્રી દિલીપભાઇ તથા સતીષભાઇ | સુરત |
| (૬) | શ્રી મણીલાલ ભાઇચંદ અજવાણી હા. ચંદ્રકાંતભાઇ | ધાનેરા |
| (૭) | શ્રી પ્રવિણભાઇ ગફુરભાઇ સવાણી. | સુરત |
| (૮) | સ્વ. શ્રી છોટાલાલ હરચંદ શાહ હા. ડૉ. દિપક સી. શાહ | સુરત |
| (૯) | એક સદ્‌ગૃહસ્થ | |
| (૧૦) | મીરાબહેન કાન્તિલાલ દલાલ | મુંબઇ |
| (૧૧) | શ્રી ધનરાજ કેસરીચંદ શાહ હા. દિપકભાઇ "દેશપરદેશ" | કરચેલિયાવાળા |
| (૧૨) | શ્રી કેતનકુમાર મુકેશભાઇ શાહ | સુરત |
| (૧૩) | ચંચીબહેન કાળીદાસ મેપાણી હા. ગીરીશભાઇ | ભીલડીયાજી |
| (૧૪) | શ્રી ચોકસી ઇન્દ્રવદન એમ. શાહ હા. કાન્તિલાલ મૂળચંદભાઇ | ખીમતવાળા |
| (૧૫) | કાન્તાબેન અમરશીભાઇ અજમેરા હા. પુનિતાબેન તાનેસનભાઇ | સુરત |
| (૧૬) | ઉર્મિલાબેન મંગળચંદ ઝવેરી | સુરત |
| (૧૭) | શ્રી રજનીકાન્ત પુનમચંદ શાહ, ધાનેરાવાળા | મુંબઇ |
| (૧૮) | શ્રી રોહિતકુમાર શાંતિલાલ શાહ, અચ્છારીવાળા | લંડન |
| (૧૯) | શ્રી ગીતાબેન વિનોદભાઇ ઝવેરી | મુંબઇ |

# માણેકચંદ શેઠ બન્યા શ્રી માણિભદ્રવીર

* સૌજન્ય *

પૂ. આચાર્યદેવશ્રી વિજય આનંદઘન સૂરીશ્વરજી મ. સા.

પૂ. વિદ્વાન મુનિરાજ શ્રી વીરરત્ન વિજયજી મ. સા.


* પ્રકાશક *

લાડુઆ શ્રીમાળી જૈન પંચાયત ટ્રસ્ટ વતી, શ્રી કીર્તિકાન્ત ઠાકોરદાસ શાહ

નિશાળ ફળિયા, રાંદેર, સુરત-૫.



**नम्र सूचन**

**इस ग्रन्थ के अभ्यास का कार्य पूर्ण होते ही नियत समयावधि में शीघ्र वापस करने की कृपा करें. जिससे अन्य वाचकगण इसका उपयोग कर सकें.**



ભાદરવા સુદ દસમ, સંવત ૨૦૪૮, તા. ૬-૯-૯૨

પ્રત - ૩૦૦૦

મૂલ્ય - આરાધના

* મુદ્રક *

ભૂપેન્દ્રભાઇ એમ. બદામી.

જૈનાનંદ પ્રીન્ટીંગ પ્રેસ.

દરિયા મહેલ, સુરત-૩



Koba, Gandhinagar-382 009.
23276204-0

શ્રી વીરમાણિભદ્રવીરાય નમો નમ :

## * પ્રાસંગિક *

દક્ષિણ ગુજરાતના ઐતિહાસિક રાંદેર (સૂર્યપુરી) નગરી અનેક પ્રાચિન જિન ચૈત્યો તથા ઉપાશ્રયોથી શોભતી નગરી અને તેમાં યશ કલગીરૂપ ખડતરગચ્છ ઉપાશ્રયમાં પ.પૂ. ગોરજી મહારાજ સાહેબ શ્રી નેમવિજયદાદા તથા પ્રેમવિજયદાદા પ્રતિષ્ઠિત મહાતીર્થ સ્વરૂપ પ્રાચિન શ્રી વીર માણિભદ્રદાદાની ચમત્કારિક મૂર્તિ છે. જેનો જિર્ણોદ્ધાર સંવત ૨૦૨૯માં શેઠ શ્રી છોટાલાલ નગીનદાસ અક્કલવજીરે સ્વદ્રવ્યથી કર્યો. સંવત ૨૦૩૦ના મહાસુદ ૧૦ ના રોજ દાદાને શુભ મૂર્હુતે ગાદીનસીન કરી પુનઃ પ્રતિષ્ઠા કરી સુકૃત કર્યું. માણિભદ્રવીરના પરમભક્ત "પૂ. છોટાકાકા (સંઘવી શાહ છોટાલાલ નગીનદાસ અક્કલવજીર) પ્રમુખ લાડુઆ શ્રીમાળી જૈન પંચાયત ટ્રસ્ટ રાંદેરનો સંવત ૨૦૪૮ના આસો સુદ બીજને બુધવાર તા. ૯-૧૦-૯૧ના રોજ સ્વર્ગવાસ થતા સદર સ્થાનકનો વહીવટ હાલ રાંદેર લાડુઆ શ્રીમાળી જૈન પંચાયત ટ્રસ્ટ રાંદેરના ટ્રસ્ટીઓ (ટાઇટલ પેજ નં. ૩ પરની યાદી મુજબ) કરે છે.

પૂ. દાદાશ્રીના દર્શને સમગ્ર જૈન તેમજ જૈનેતર સમાજનો વિશાળ વર્ગ ખૂબજ શ્રધ્ધાપૂર્વક આવે છે. દાદાને શ્રીફળ સુખડી ધરાવી પોતાની માનતા પુરી કરી વાંચ્છિત સુખ મેળવી પોતાના વિઘ્નો દૂર કરે છે. તથા પૂ. ગુરૂભગવંતો પણ તપાગચ્છ નાયકને ધર્મ લાભ આપવા પધારે છે. એવા દાદાનો ઈતિહાસ જાણવાની ઇચ્છા સૌની થાય તે સ્વાભાવિક છે. પૂ. દાદાના ભક્તોની લાંબા સમયની માંગને સંતોષવા ટુંક સમયમાં બીજી આવૃત્તિ ભક્તજનોના અનુદાનથી આપની સમક્ષ સુધારવધારા સહીત મુકતા આત્મરંજન થાય છે. આ પ્રસંગે પ્રથમ આવૃત્તિ માટે યોગદાન આપી પ્રોત્સાહિત કરનાર ડૉ. સુરેશભાઇ જી. શાહને ભૂલી શકાય તેમ નથી. તેમજ ટુંક સમયમાં બીજી આવૃત્તિનું મુદ્રણ કરનાર ભુપેન્દ્રભાઇ બદામીને ભૂલી શકાય તેમ નથી.

દાદાનું જીવનચરિત્ર "શાંતિસૌરભ" માસિકના (વર્ષ-૧૦ અંક-૧૦)માંથી છાપવા માટેનો આદેશ માંગતા પૂ. વિદ્વાન મુનિરાજશ્રી વીરરત્ન વિજયજી મહારાજે સહર્ષ સ્વીકૃતિ આપતા અમો તેમના ઘણા જ આભારી છીએ. તે ઉપરાંત દાદાની સ્તુતિ, છંદ, હવન વિધી, આરતી કળશ વગેરે સાહિત્ય સંયોજક પ. પૂ. આચાર્ય દેવશ્રી વિજય આનંદઘન સૂરિશ્વરજી મહારાજ સાહેબ રચિત પુસ્તક "શ્રી માણિભદ્ર વીર મહાતીર્થ આગલોડ"માંથી આભાર સ્વીકૃતિ કરેલ છે. જેને આપ સૌ વધાવી લેશો એજ અભ્યર્થના. આપના તરફથી યોગ્ય સુચન આવકાર્ય છે જિન આજ્ઞા વિરૂદ્ધ છપાયું હોય તો મિચ્છામિ દુક્કડમ્

લી. સેવક
ટ્રસ્ટી મંડળના જય જિનેન્દ્ર

ચમત્કારિક ચરિત્ર

# શ્રી સિદ્ધાચલજીના શુભ સ્મરણથી માણેકચંદ બને માણિભદ્ર વીર !

**મુનિરાજશ્રી વીરરત્ન વિજયજી મ.**

### માતૃ હૃદયની ઝંખના

જેના વંદનથી

દાનવમાંથી દેવ બનાય, માનવમાંથી મહામાનવ બનાય...

મહાત્મા જેના સ્મરણથી મુક્તિને મેળવે, પામર પરમાત્મા બને...

આવા અનોખા ગુણોથી ઓપતો ગરવો ગિરિરાજ

જેની પાવની છાયા પશુને માનવ બનવાનું સૌભાગ્ય બક્ષે...

માનવને મૃત્યુંજય બનાવે...

આવા એક અદ્‌ભૂત ને અવર્ણનીયમહાતીર્થ **શ્રી શત્રુંજયની** ગૌરવગાથાને ગાતી આ દિવ્ય કથા છે અને દિવ્ય કથાના નાયકનું જીવન પણ ઓજસ્વી તેજસ્વીને તપથી ભરપુર છે. જિનશાસનના ગગનાંગણમાં જેના નામ કામને ધામ મંત્રજાપની જેમ ગવાઇ રહ્યા છે. એ દિવ્યપુરૂષ તપાગચ્છાધિષ્ઠાયક **શ્રી માણીભદ્રવીરની** આ કથા છે.

### ભરત ક્ષેત્ર, માળવદેશ....

પતિત પાવના ઉજ્જૈન નગરી... ઈતિહાસના અનેક અનેક ધૂપછાયમાંથી આબાદ સુરક્ષિત રહી ગયેલી આ નગરી... સ્વનામ ધન્ય, શાસન જ્યોતિર્ધર મહાન આચાર્ય ભગવંતો અને પોતાની આન, બાન ને શાનથી વિખ્યાત બનેલા રાજવીઓની આ જન્મભૂમિ છે. અહીં કવિ હૃદયનાં સ્પંદન છે અને સવિતા સરિતાના ભ્રમણ છે.

જનવાદને જશવાદથી આલમ આખામાં ખ્યાતનામ બની ગયેલા રાજરાજેશ્વર વિક્રમાદિત્યની પંદરમી શતાબ્દીની આ વાત છે. ભારત વર્ષમાં ત્યારે માળવાનું નામ સહુથી મોખરે હતું. શસ્ય શ્યામલા આ ધરતીના કણેકણને પ્રત્યેક રજકણે એક મહાકાવ્ય ગુંજતું હતું. મહાકાવ્યની દરેક પંક્તિમાં પ્રશિસ્તને સ્વસ્તિનો લલકાર હતો.

'કમ્મે શૂરા ધમ્મે શૂરા' ધર્મપ્રિયશાહ ઉજ્જૈનના જ વતની, વિશાળ પ્રસિદ્ધને દિવ્ય સમૃદ્ધિનો એ સ્વામી ન્યાય અને કૌશલ્યના નામે તો ડંકો વાગતો

ધર્માનુષ્ઠાનોમાં એ સદૈવ આગળ હોય અને સ્વજન પ્રેમમાં ક્યારેય એ પાછળ ન રહે આવા નરવીર ધર્મપ્રિયશાહની ધર્મપત્ની બનવાનું સૌભાગ્ય મળ્યું છે જિનપ્રિયાને. કેવા સુંદર નામ એક ધર્મને પ્રિય તો બીજી જિનને પ્રિય......

સમય વહેતો જાય છે. યુવાવસ્થાને ઉંબરે ઉભેલા ઉભયનાં લગન થયાં અને વર્ષનાં વાણા વાઇ ગયા પણ હજુ ઘરમાં શિશુનો મધુર પ્યારો સ્વર સંભળાયો નથી. દરેક સ્ત્રીને મન માતૃત્વ પામવાની તમન્ના હોય છે. તેમ જિનપ્રિયાને પણ પુત્ર દર્શનની ઝંખના હતી.

પુણ્ય જ્યાં સહયોગી બને છે ત્યાં ન ધારેલા કાર્યો પણ થઇ જતાં હોય છે. તો ધારેલ કેમ સફળ ન થાય ? ધર્મ પ્રિયને જિનપ્રિયાના પુણ્યનો સીતારો પણ હવે ચમકતો હતો. એક સોભાગી પળે અજવાળી રાતે મીઠી મધુરી વાતે સુગંધી ગુલાબનો જન્મ થયો. માને આનંદ, પિતાને પ્રસન્નતા અને સ્વજનોને અપાર સેંકડો ગોદમાં રમતો ગમતો, ખીલતો એ લાલ જ્યારે પોતાના પનોતા પગલાં પાડવા માંડયો ત્યારે એનું નામ રાખવામાં આવ્યું માણેક. ધર્મપ્રિય અને જિનપ્રિયાને તો હીરા, પન્નાને માણેક જ હોય ને ?

જનમ - પરણ ને મરણ જગતનો અનાદિકાળથી ચાલ્યો આવતો આ નિયમ છે. માણસ જન્મે છે. પરણે છે ને મરે છે. આશ્ચર્ય..... દુનિયામાં મનુષ્ય જ એક એવું પ્રાણી છે કે જે રડતાં રડતાં જન્મે છે, આશા-અરમાનો ને મનોરથો સાથે જીવે છે અને નિરાશ થઇને મરણ - શરણ બની જાય છે પણ એવા ય વિરલા આ ફાની દુનિયામાં ચમકતા હોય છે. જે જીવન જીવતાં જિન બની જાય છે.

જગતમાં મૃત્યુ નામની જો વાસ્તવિકતા ન હોત તો દુનિયાનો ઇતિહાસ પણ કોઇ ઓર લખાયો હોત. માણેકચંદ હજુ તો સંસ્કાર ધામમાં પ્રવેશે છે ત્યાં જ અણધારી કોઇ વેદના આવીને ધર્મપ્રિય શાહને ઉઠાવી જાય છે. બાલ્યાવસ્થામાં પિતાનું શિરછત્ર ગુમાવતાં માણેકના દિલમાં કારમો આઘાત લાગ્યો. પતિની વસમી વિદાયે જિનપ્રિયાનું હૃદય ખંડ-ખંડ બની ગયું.

કર્તવ્યનો નાદ જ્યારે સાદ આપતો હોય ત્યારે તો વિપરીત પરિસ્થિતિ અને કરૂણતા ભર્યા સંયોગો વચ્ચે પણ માનવીએ હિંમતભેર ઉભા થઇ જવું પડે છે અને આવાજ કર્તવ્યની પગદંડીએ આગળ વધવા જિનપ્રિયા પણ શોકની વાદળીઓને દૂર હડસેલીને માણેકના જીવનબાગને સજાવવા સંવારવા તત્પર બની માતાનું વાત્સલ્ય અને પિતાનું કર્તવ્ય બંને કામો એક સાથે અને એક જ વ્યક્તિને કરવાનાં હતાં. જિનપ્રિયાએ આ જવાબદારી ખૂબજ સરળતાથી ઉપાડી લીધી. જે બાલકને પ્રેમ અને કર્તવ્યનું જ્ઞાન એક સાથે ને એકસ્થાને લાધે છે તે બાલક ભવિષ્યમાં એક હોનહાર અડીખમ અને જવામર્દ બની જાય છે.

વ્યવહારિક જ્ઞાન સાથે ધાર્મિક વિજ્ઞાન ભળી જતાં એક ચમત્કારનું સર્જન થઇ જાય છે. માણેકચંદ પાસે તીવ્ર પ્રતિભા છે, તીક્ષ્ણ બુદ્ધિ છે, જ્ઞાનદાતા પ્રત્યે અપૂર્વ વિનય છે. જ્યાં આ ત્રિવેણી સંગમ હોય ત્યાં એક જ્ઞાન તીર્થ ઉભું થઇ જાય છે. ઉપાધ્યાયે માણેકને ઉત્કૃષ્ટ જ્ઞાન આપ્યું, માતાએ સંસ્કાર સિંચન કર્યું અને ગુરૂવરોએ તત્ત્વજ્ઞાનનું અમૃતપાન કરાવ્યું અને આ ત્રિભેટે માણેક સાચાને સારા માનવીના સમસ્તગુણો મેળવી શક્યો.

દેહની ડાળીએ યૌવનનાં વસંતગીત ગવાઇ રહ્યા છે. રૂપ અને સૌન્દર્યનો સૂર્ય સોળે કળાએ ખીલી ઉઠયો છે અને ઉગતા નવ જુવાન માણેકચંદનાં લગ્ન ધારાનગરીના કરોડપતિ પ્રખ્યાત શેઠ ભીમરાજની કુલ દીપિકા આનંદરતિની સાથે થઇ ગયાં. માણેક અને આનંદરતિ બંને એકબીજાનાં પૂરક બન્યાં છે: બંનેના દિલ એક છે અને ધર્મ-કર્મ પણ એક જ છે. ઓસવાળ વંશ અને તપાગચ્છની શાખાનાં આ નરરત્નો પૂજ્ય આચાર્ય પ્રવર શ્રી આનંદવિમલ સૂરીશ્વરજી મહારાજનાં પરમ અનુયાયી છે. પરિણિત માણેકચંદ આનંદરતિ સાથે પ્રભુપૂજા કરે છે, પરમ વંદનીયા માતા જિનપ્રિયાના ચરણોની સેવાને આજ્ઞાનો સ્વીકાર કરે છે. જિનપ્રિયાનું હૃદય હર્ષોલ્લાસથી ભરાઇ જાય છે. આવા લાખોમાં એક પુત્રને અને કરોડોમાં એક પુત્રવધૂને મેળવીને......

પરિચય......! જગતની એક વિશિષ્ટ શક્તિ છે. સર્જન સાથે વિસર્જનનું કારણ પણ પરિચય છે. તેથી જ નીતિકારકોને અને શાસ્ત્રકારોએ આભે ચઢીને ગાયું છે ‘પરિચય કરવો જ હોય તો સજ્જનોનો કરજો કેમ કે તે સોનાનો ઘડો છે પ્રાયઃ કરીને ફૂટશે જ નહિ અને ફૂટી પણ જશે તો ઓછા પ્રયત્નોએ સંધાઇ જશે. દુર્જનોનો પરિચય કરશો જ નહિ કેમકે તે માટીનો ઘડો છે. ફૂટતાં વાર નહીં અને ફૂટયા પછી સાંધવાનું નામ નહી.’

માણેકચંદના જીવનમાં પણ અગન-ઝાળ જેવો આવો જ એક દુર્જનનો પરિચય વિનાશ વેરી જાય છે, શ્રદ્ધાના ઝળહળતા દીપને બુઝાવી દે છે, આસ્તિકયની અસ્મિતાને વિખેરી નાખે છે. પોતાના જ ગૃહમંદિરમાં પરમાત્માના પૂજનની મસ્તી માણતા માણેકના જીવન ઓરડે મિથ્યાત્વનો ગહન અંધકાર વ્યાપી જાય છે.

ઉજ્જૈનના આંગણે એવા સાધુઓ ઉતરી પડયા છે કે જેઓ પરમાત્માનું નામ લેવા છતાં પરમાત્માની પ્રતિમા પૂજનનો સ્પષ્ટ ઇન્કાર કરી રહ્યા છે. પોતાના જીવન વ્યવહારના અને આત્મકલ્યાણના દરેક અંગોમાં જડની શક્તિનો સ્વીકાર કરનારા પણ ચૈતન્યની વિરાટ શક્તિઓના પ્રદુર્ભાવમાં અનન્ય આલંબનભૂત તીર્થંકર પરમાત્માની મૂર્તિઓના ચરણોની સેવા પૂજામાં પાપ માને છે.

દિવ્ય પ્રતિભા પ્રચંડ સામર્થ્ય અને પ્રગલ્ભ બુદ્ધિની સાથે સત્ય સ્વીકારવાની જો તૈયારી ન હોય તો આંતરિક અને આધ્યાત્મિક ક્ષેત્રે એક મોટી હોનારત સર્જાઇ જતી હોય છે. ઉજ્જૈનમાં આવેલા મૂર્તિપૂજાના વિરોધી સાધુઓની લાક્ષણિક વ્યાખ્યાન શક્તિએ અનેકોને આકર્ષ્યાં છે. જ્યાં શબ્દોનો વૈભવ અને વકતૃત્વની કળા હોય ત્યાં માણસ તો કીડીયારાની જેમ ઉભરાઇ જાય છે. ધાર્મિક માનસ ધરાવતો માણેક પણ આ પ્રવચન સભાનો એક નિયમિત સભ્ય બન્યો.

ચેતન શું જડનો આશક બની શકે ? જડ શું ચૈતન્યનો ઉપકારક બની શકે ? ધ્યાન સાકારનું નહિ નિરાકારનું કરવાનું છે. આવા મુદ્દાઓને લઇ ચાલતા વ્યાખ્યાનોએ અનેક શ્રોતાઓના મનમાં શંકાઓની સળગતી સમસ્યાઓ ખડી કરી દીધી, શ્રધ્ધા, વિશ્વાસ અને સમર્પણની ખળખળ નાદે વહેતી સરિતાને સૂકવી દીધી.

પરમાત્મ ભક્તિના અનન્ય ઉપાસક માણેકચંદના વિચારોમાં પરિવર્તન આવી ગયું અને તેણે સાધુઓ સામે નિર્ણય કર્યો કે ગૃહમંદિરમાં પણ દર્શન પૂજન ન કરવા, માણેક એ વાત ભૂલી ગયો કે વાસનાના જડ આલંબન જો માનવીય વિચારોને અધોગામી બનાવી શકે છે તો ઉપાસનાના પણ જડ આલંબન માનવના વિચારોને ઉર્ધ્વગામી કેમ ન બનાવી શકે ?

આભસ્પર્શી ઇમારતનાં જે ભવ્ય ખંડમાં પ્રક્ષાલની પવિત્રતા હતી, ચંદનની શિતળતાને પુષ્પની સુવાસ વરસતી હતી, સ્તુતિ, સ્તવનના લલકારને આરતી ઘંટારવના રણકાર હતા, પ્રાર્થના અભ્યર્થનાના જ્યાં આંતરસ્વર ગુંજતાં હતાં એ ભવ્ય ગૃહમંદિરમાં જાણે આજે શૂન્યવકાશનું મહાસામ્રાજ્ય છવાઇ ગયું.

જગતના બાહ્યસ્વરૂપમાં માતાનું સ્થાન સર્વોચ્ચ માનવામાં આવ્યું છે કેમકે માતા જેટલું વિશાળ હૃદય આ દુનિયામાં બીજે ક્યાંય દેખા દેતું નથી. પરમાત્મ ભક્તિમાં આવેલ પરિવર્તન અને તેના કારણભૂત માણેકના વિચાર પરિવર્તનને લીધે માતા જિનપ્રિયાને ભારે આઘાત લાગ્યો. મારી કૂખનું આ લાખેણું મોતી પ્રભુ પૂજાથી વંચિત રહે ? જે ગૃહમાં પ્રભુપૂજા નહિ, ગુરૂ ભક્તિ નહિ, સાધર્મિક વાત્સલ્ય નહિ, એને ગૃહ પણ શી રીતે કહેવાય ? એ તો સદા જાગતું સ્મશાન જ છે ! આથી જિનપ્રિયાએ મનોમન એક ભારે પ્રતિજ્ઞા સ્વીકારી લીધી.

ઇન્દ્રની પ્રિય દિશાને મંડન કરતું સૂર્યનારાયણનું પ્રથમ કિરણ ધરતીને ભેટી પડયું, પંખીઓનો કલરવ પ્રારંભાઇ ગયો. ચારે દિશામાં જંગલની વાટે ગાય, ભેંસ, ઘેટાં અને બકરાં દોડી રહ્યાં છે. આવા સોહામણાં સમયે માતા જિનપ્રિયાને, પુત્રવધૂ આનંદરતિ ભાવપૂર્ણ સ્વરે પ્રભુને પ્રાર્થી રહ્યા છે, દિલની વેદના ઠાલવી રહ્યા છે, અંતરની આરજૂ વ્યક્ત કરી રહ્યા છે, હૃદયના ભાવ પાઠવી

રહ્યા છે.

**પ્રભો.......! મારા પુત્રને આજે સન્મતિ સન્માર્ગ દર્શાવજો.**

જિનેશ......! મારા કુલ દપિકને પુનઃ પ્રભુ ભક્તિનો રાહ દેખાડજે......!

મધ્યાન્હનનો સમય થઇ ગયો છે, દીન દરિદ્ર અને ભિક્ષુઓને અનુકંપાદાન અપાઇ ગયું છે, સાધુ-સાધ્વીજી મહારાજના સુપાત્ર દાનનો પાવન લાભ પણ મળી ગયો છે અને માતા જિનપ્રિયા એકાસણું કરવા માટે ભોજનખંડમાં આવી ગયા છે. આર્યસંસ્કૃતિ, સભ્યતા અને સંસ્કારના અમૃતપાને ઉછરેલ આનંદરતિ હૈયાના ભક્તિ ભાવથી માતા સમાન સાસુને જમાડવા માટે ઉત્સાહિત છે.

કેસરવર્ણા કઢાયા દૂધના કટોરાં ભરાયા છે, લીલાં શાકને દાળ ભાત પીરસાયા છે અને જ્યારે સ્વહસ્તે બનાવેલ ગરમાગરમ રોટલી શુદ્ધ ઘીથી ચોપડવા આનંદરતિ તૈયાર થાય છે ! ત્યારે જિનપ્રિયા આંખોમાં અશ્રુ સાથે બોલી ઉઠે છે. બેટા...! 'આજ મારા ભાણામાં રોટલી લુખી જ મૂકવાની છે. ઘીનો મારે સદંતર ત્યાગ છે.'

બા........! આજે કોઇ પર્વ દિવસ નથી કે કલ્યાણક દિવસ નથી, શાને કાજે આપને ઘીનો ત્યાગ....? અને.... બા...!' આટલાં શબ્દો બોલતાં પણ આપની આંખે આ બોર બોર જેવડાં આંસુ કાં ? મારી કોઇ ભૂલ......! આપના પુત્રની કોઇ ભૂલ..... બા..... કહો જલ્દી કહો.... આપના આ ઉનાં ઉનાં આંસુ મારાથી જોવાતાં નથી.....'

'બેટા રતિ.....! તું તો મારા કાળજાની કોર છે. તારા જેવું સ્ત્રીરત્ન તો કોઇ ભાગ્યશાળીને જ લાધે. તું સર્વથા નિર્દોષ છે. તેં આજ સુધી ક્યારેય મારૂ વચન ઉથાપ્યું નથી. તો સામે બોલવાનો, પ્રતિકારનો કે અપમાનનો તો પ્રશ્ન જ ક્યાં ?'

'તો બા....! આપના પુત્રે કોઇ ભૂલ કરી છે,.....કહો, કહો, કહો... બા !'

'હા, રતિ ! મારા બાલે ભૂલ કરી છે, ગંભીર ભૂલ કરી છે, સહન ન થાય તેવી ભૂલ કરી છે અને તેની આ ભૂલ, શૂલની જેમ મને ડંખ મારી રહી છે. હજાર હજાર મધમાખી એક સાથે ધસી આવે અને મારા પર તૂટી પડે છતાં જેવી વેદના ન થાય એથી ય વધુ વેદના મારા પુત્રની કુલદીપકની ભૂલથી થઇ રહી છે.'

જિનપ્રિયાના એક એક શબ્દે આનંદરતિનો આશ્ચર્યભાવ વધતો જતો હતો. મારા નાથ પરમ માતૃભક્ત છે. માના એકજ શબ્દે બધુંજ કરી છૂટવા તૈયાર થનાર એમણે ભૂલ......... ગંભીર ભૂલ........, સહન ન થાય એવી કઇ ભૂલ કરી હશે....? બા...... પણ ક્યારેક અસત્ય બોલે તેવાં નથી. જરૂર, આજ કંઇક ગડબડ દેખાય છે... શું હશે ? વિચારોની તંદ્રામાં આનંદરતિ શૂન્યમનસ્ક બની જવા લાગી.

'બેટા....! તું બીજો કોઇ વિચાર ન કરીશ સાંભળી લે, મારા પુત્રની ગંભીર ભૂલને એણે ધર્મ પરિવર્તન કર્યું છે. પરમાત્મા ભક્તિનો પૂજારી આજે ભક્તિનો દુશ્મન બન્યો છે. ત્રિકાળપૂજા કરનારો એ ભક્ત ભગવાનના દર્શન કરવા પણ તૈયાર નથી, રતિ.... અન્ય ભૂલોથી તો આ જનમ જ બગડવાનો.... પરંતુ જિનપૂજાનો ત્યાગ કરવાથી તો એના જનમ જનમનું ભ્રમણ વધી જવાનું અને એથી જ મારી પ્રતિજ્ઞા છે કે જ્યાં સુધી ઉન્માર્ગે ગયેલો મારો પુત્ર પુનઃ સન્માર્ગે ન આવે ત્યાં સુધી મારે મન ઘીનો સર્વથા ત્યાગ છે.'

'ઓહ, બા.....! તમે કેટલાં મહાન છો ? પુત્રના આત્મા કલ્યાણની કેવી ઊંચી ઊર્મિઓ આપના અંતરમાં નાચી રહી છે ? બા, હું ઇચ્છું કે આપનાં અરમાનો જલદી પૂર્ણ થાય ! આપની પ્રતિજ્ઞાના સ્વર તેમના રોમરોમને ધણ ધણાવી મૂકશે અને હાં.... હું પણ આજે શપથ સ્વીકારૂ છું કે આપની સાથે જ હું પણ ઘીનો સ્વીકાર કરીશ.'

'ના, આનંદરતિ, ના.....! તારે આવી કઠોર પ્રતિજ્ઞા લેવાની ન હોય.'

બા, આપ ચિન્તા ન કરો. આપ મારા પ્રેરણા પથ છો, મારો નિર્ણય દ્રઢ છે.

## ૨. ધર્મપત્ની તો આનંદરતિ.

અસ્તાંગત દિવાનાથની વિદાય અને સંધ્યારાણીના સપ્તરંગી આગમને ધરતી મરક મરક હસી રહી હતી પણ આ હાસ્ય ક્ષણિક હતું. ટમટમતા તારલાની આકાશી ચાદર ઓઢીને રજનીદેવીનું પદાર્પણ થઇ ગયું હતું અને આવા સમયે શયનખંડમાં એક જાજરમાન વ્યક્તિ પ્રવેશ કરે છે અને સામેથી શાન્ત આવકાર મળે છે બીજી વ્યક્તિનો.

'આજે આખું વાતાવરણ કાં શુષ્ક દેખાઇ રહ્યું છે ? ક્યાંય હાસ્ય નહીં, સ્મિત નહીં, પ્રસન્નતા નહીં, અંતરનો આદર નહીં અને ઉમળકા ભર્યો આવકાર નહીં. સદા હસતી આ દિવાલો જાણે ગમગીન બની ગઇ છે. સુવાસને સૌન્દર્યથી ભીના બાગમાં ફૂલો પણ જાણે આજે અબોલા લઇ રહ્યા છે.

"આનંદ...! આજે તારા ચહેરા પર આ ઉદાસીનતા કેમ ? તારી આંખોના પેલા ખૂણે આંસું શાને દેખાઇ રહ્યા છે ? રતિ...! કેમ આજે આટલી વેદના.....? શું અણચિંતવ્યો કોઇ ધડાકો થઇ ગયો છે ? કોઇ ગંભીર સ્થિતિ પરિસ્થિતિનું નિર્માણ થયું છે ? કહો જલદી કહો, તારી આ પીડા મારાથી જોઇ શકાતી નથી."

"નાથ ! શું કહું આપને.... ઓહ...... બા.....!" "આનંદ તું રડે છે ? તારા

રૂદનનું કોઇ કારણ ? શું તારા દિલનીવ્યથા કથા મને નહીં સંભળાવે....? આટલા વર્ષોમાં ક્યારેક તારા મુખડા ઉપર વિકૃતિ પણ નથી દેખાઇ તો આજે આટલું આક્રંદન....! તું નહીં જ બોલે રતિ...! બેસી જા, શાન્ત થઇને તારા મનની વાત જણાવ."

અંતરનું દુઃખ જ્યારે આંસુ વાટે બહાર નીકળી જાય છે ત્યારે માનવ મન કાંઇક હળવું ફૂલ જેવું બની જાય છે. આનંદરતિ પણ સ્વસ્થ બની અને પતિ સામે નજર મેળવીને કહ્યું આર્યપુત્ર જેના દિલમાં માતા તીર્થરૂપે બિરાજમાન હોય તે ક્યારેક માના દિલને દુભવે ખરા.....?'

'આનંદ.....! શું બોલી રહી છે તું ? મારી મા મહાન છે એના રગે રગમાં અથાગ પુત્ર વાત્સલ્ય ભર્યું પડયું છે. હું તો સદાય માના આશીર્વાદને ઝંખું છું, અભિશાપ કે આહને નહીં ! મન, વચન ને કાયા ત્રણે માના ચરણોમાં પૂર્ણરૂપે સમર્પિત છે. ત્યારે હું શી રીતે માતાના કોમળ અંતઃકરણને વ્યથિત કરી શકું ?'

"સ્વામી ! માણસના જીવનમાં ક્યારેક એવી પ્રવૃતિ થઇ જતી હોય છે જેના કારણે પોતાની કલ્પનામાં પણ ન હોય તે રીતે પ્રવૃતિ બીજાની વેદનાનું કારણ બની જાય છે અને આપની આવી જ કોક અનુચિત પ્રવૃતિએ વાત્સલ્યભીની જનનીના દિલને આઘાત પહોંચાડયો છે અને તેનું અંતિમ પરિણામ માતા દ્વારા સર્વથા ઘીનો ત્યાગ....!

"પ્રભો ! આ હું શું સાંભળી રહ્યો છું ? સંભળાતું નથી સમજાતું નથી. કંઇ જ ખ્યાલ નથી આવતો મને મારાથી અનુચિત પ્રવૃતિ તેના કારણે માતાને સર્વથા ઘીનો ત્યાગ કરવો પડયો." આનંદરતિના ઉર બોલ સાંભળીને માણેકચંદ વિચારોના મહા આવર્તમાં અટવાઇ ગયો. સંજ્ઞા પ્રજ્ઞાનો ખૂબ ખૂબ ઉપયોગ કર્યો પણ ક્યાંય ભૂલ ન દેખાઇ.

'આનંદ તારી વાતો સાંભળ્યા પછી મારૂ માથુ ભમી રહ્યું છે. તારે જે કહેવાનું હોય તે જલ્દી કહી દે..... સ્પષ્ટ કહી દે.'

'નાથ ! આપની માતૃભક્તિને લાખ લાખ વંદન અને અભિનંદન મારે પણ હવે સ્પષ્ટ જ કહી દેવું છે સ્વામી ! જન્મથી આપણે ઉચ્ચકોટિના પરમાત્મ ભક્તિના પાવન સંસ્કાર મળ્યા છે. બા અને બાપા બંને પ્રભુ ભક્ત, તેથી જ ગૃહમંદિરનું નિર્માણ થયું. વર્ષો સુધી આપણે સહુએ તન, મન, ધનથી પ્રભુની પૂજાને સ્તવના કરી છે. હવે આપ ભગવદ્ ભક્તિથી વિમુખ બન્યા છો. આ સમાચારે દુઃખી થયેલા બાએ અફર પ્રતિજ્ઞા કરી છે... જ્યાં સુધી મારો પુત્ર સન્માર્ગે પાછો ન આવે ત્યાં સુધી ઘીનો સર્વથા ત્યાગ છે.'

'આશ્ચર્ય ! આ તો ધાર્મિક પ્રશ્ન છે. માતાએ મારી સાથે આ વિષયમાં જરાપણ વાત ન કરી ? હું પ્રાતઃકાલ થતાં જ માતાને વંદનાર્થે જઇશ ત્યારે સમાધાન કરી લઇશ ચાલ... હવે તો શાન્તિ ને.'

'અને હા...! જ્યાં સુધી બા ઘીનો ઉપયોગ નહિ કરે ત્યાં સુધી મારે પણ ઘીના ત્યાગની પ્રતિજ્ઞા છે.' આનંદરતિએ અવસર જોઇને પોતાની પ્રતિજ્ઞાની વાત સ્વામીનાથને કહી સંભળાવી અને આ સાંભળતાં તો માણેક વધુ ચકિત બની ગયો. 'એટલે તમે બંને એકને ? મને જુદા પાડવાનું કાવત્રું તો ગોઠવ્યું નથી ને ? હસતાં હસતાં માણેકચંદે વાતાવરણને પ્રફુલ્લિત બનાવવા મધુર વચન વહેતાં મૂકયાં.

'કાવત્રાને સાવ નાબૂદ કરવું હોય તો પૂજા કરતાં થઇ જાઓ ને ? "જે નિર્ણય થશે તે સવારે બાની સામે થશે.....!

## ૩. આલંબન અનિવાર્ય.

સહસ્ત્રકિરણના આગમની આલબેલ પ્રકારની ઉષા દેવીનું મધુર હાસ્ય પૂર્વાકાશના પ્રાંગણે પ્રગટ્યું મહામંત્ર નવકારના પુણ્ય સ્મરણ સાથે માણેકચંદ શયનખંડમાંથી બહાર આવ્યો. શૌચાદિ નિત્ય કર્મથી નિવૃત થઇને તે પહોંચે છે માતા જિનપ્રિયાના ખંડમાં ઉન્નત મસ્તકે ચાલતા માણેકનું શીર આજે નીચે ઝૂકેલું છે. પગમાં કંપન છે. હૃદયમાં ધડકન છે. અંતરમાં કંઇક ભય અને ગભરાટ છે. માતાના ચરણોમાં વંદન કરતા આજે તેની પાસે શબ્દ નથી.

વાત્સલ્ય ભરી માતાના ચરણારવિંદમાંથી માણેકચંદનું માથું ઊંચુ થતું નથી જાણે સવામણનો ભાર પથરાઇ ગયો છે. માણેક પાસે શબ્દ નથી માત્ર ભાવ છે. માતા પાસે સ્વર નથી માત્ર સદ્ભાવ છે. બંને બાજુથી મૌનનું એક અપ્રતિમ વાતાવરણ સર્જાઇ ગયું હતું અને આ વાતાવરણને તોડવા અંતે જિનપ્રિયાએ જ્યારે માણેકચંદના મસ્તકને બે હાથે ઊંચુ કર્યું ત્યારે તે પોતે સ્તબ્ધ બની ગઇ. અનવસ્ત વહી જતા અશ્રુઓથી માણેકનું આખુ મોઢું સિક્ત બની ગયું હતું.

જગતની કઇ મા પોતાના વહાલ સોયા સંતાનની આંખોના આંસુ જોઇ શકે ? પુત્ર ગમે તેટલો મોટો થઇ જાય પણ માતાને મન તો એ એક નાનકડો બાલક જ હોય છે. જિનપ્રિયાએ માણેકના માથાને સુંઘતા કહ્યું, 'બેટા માણેક તારા જેવાની આંખે આંસુ શોભે ? ઉઠ, ઉભો થા તારી વેદનાનું કારણ હું સમજું છું પછી શાન્તિથી વિચારીશું.'

મધ્યાહ્નના ભોજનનો સમય થઇ ગયો છે. માણેકચંદ પણ આજે માતાની સાથે જ જમવા માટે આવી ગયો છે. વચ્ચે જિનપ્રિયાને માણેકે કહ્યું બા હું તારી મનોવ્યથા સમજી શકું છું. પરંતુ મને સાધુઓના પરિચયથી નિર્ણય થઇ ગયો છે કે મોક્ષ માર્ગની સાધનામાં સિદ્ધપદની પ્રાપ્તિમાં મૂર્તિપૂજા અનિવાર્ય નથી. આગમોમાં પણ મૂર્તિપૂજાનો કોઇ ઉલ્લેખ નથી છતાં મારી પાસે દુરાગ્રહ વૃત્તિ નથી. જ્ઞાની શ્રમણોના સત્સંગે જો મારી માન્યતા સત્યવિહીન લાગશે તો એજ ક્ષણે એનો ત્યાગ કરીશ."

'બેટા ! શાસ્ત્ર મેં વાંચ્યા નથી કે વાંચવાનું સામર્થ્ય પણ નથી છતાં અનુભવસિદ્ધ છે કે માણસના વિચાર અને આચારની શુદ્ધિ માટે મૂર્તિપૂજા અનિવાર્ય છે. આગમ પણ શબ્દની મૂર્તિ છે અને એ દ્રષ્ટિએ તો આગમને પણ તિલાંજલી આપવી પડે. જિનબિંબ અને જિનાગમતો વિષમકાળના સર્વશ્રેષ્ઠ આલંબન છે. જિનાગમ જ્ઞાની ગમ્ય છે જ્યારે જિનબિંબનો પ્રભાવ સર્વસાધારણ ગમ્ય છે. જિનાગમનું જ્ઞાન તો વડેરાં લઇ શકે પરંતુ પ્રભુ દર્શન તો નાનકડું બાલક પણ કરી શકે. આટલી બધી સીધી, સાદી અને સ્પષ્ટ વાતને પણ તું કેમ વીસરી જાય છે ? છતાં મારો નિર્ણય અફર છે. ઘીનો સર્વથા ત્યાગ, મારી કૂખનું રતન પ્રભુ પૂજા ન કરે એ હું જોઇ પણ ન શકું.' વહાલસોયી માતાની સામે એક હરફ પણ ઉચ્ચારવાની હિંમત માણેકચંદમાં ન હતી અને તેથી તે પણ આજે ઘી રહિત ભોજન લઇને પેઢીએ ચાલ્યો ગયો. માતાને મન પુત્રના પરિવર્તનથી જબ્બર દુઃખ હતું તેમ આવો મર્યાદાશીલ પુત્ર મળ્યાનું ગૌરવ પણ હતું.

## ૪. પશ્ચાતાપનો પાવક

ધન્યધરા ઉજ્જૈનના આંગણે આજે ધર્મધુરંધર સૂરિ પુરંદરનું પાવન પદાર્પણ થયું છે અને આ શુભ સમાચારે આખું ઉજ્જૈન હર્ષના મહાસાગરમાં ડૂબી ગયું છે. એમાંય જૈન જગતના તો આબાલ ગોપાલ સહુના દિલમાં આનંદની કોઇ સીમા જ નથી. સાધુનામ દર્શન પુણ્ય, તીર્થ ભૂતા હિ સાધવઃ !'

જૈન જગતમાં ત્યારે સૂરિસમ્રાટ આચાર્યપ્રવર શ્રી આનંદ વિમલ સૂરીશ્વરમહારાજનું આગવું સ્થાન હતું. શાસનની સળગતી સમસ્યાઓની વિચારણામાં પૂજ્યશ્રીનું સમાધાન સર્વમાન્ય થતું. આચાર અને વિચારની સાથે પ્રચાર ના કારણે તેમનાં નામ કામ માન અને સન્માન ચોતરફ ફેલાઇ ગયાં હતાં અને આવા આચાર્યના પટ્ટશિષ્ય આચાર્ય પ્રવર શ્રી વિજય હેમવિમલ સૂરીશ્વરજી

મહારાજા પોતાના ૧૭ શિષ્યો સાથે ઉજ્જૈનના ઉદ્યાનમાં પધાર્યા હતા.

માણેકશાહને સમાચાર મલ્યા છે આચાર્ય ભગવંતના શુભાગમનના

"ગુરૂ કીજે જાનકર પાની પીજે છાનકર"

આજ રાત્રે સૂરીશ્વરના તપ ત્યાગ તિતિક્ષા ચારિત્રપાલન પરિષસહન આદિની પરીક્ષા લેવાનો તેણે મનોમન નિર્ધાર કર્યો અને થયું કે ઉત્કૃષ્ટ દેખાતું બાહ્યવ્યક્તિત્વ ક્યારેક અંદરથી નિકૃષ્ટ પણ હોઇ શકે છે.

રાત્રીની કાળી ચાદર આખી ધરતી પર છવાઇ ગઇ છે, વાતાવરણમાં નીરવ સ્તબ્ધતા ફેલાઇ ગઇ છે. જગતના પ્રાણી પંખીને માનવ સહુ પ્રકૃતિની ગોદમાં આરામની નીંદ માણી રહ્યા છે ત્યારે માણેકશાહ પોતાના ૪-૫ મિત્રો સાથે ઉદ્યાન ભણી આગેકદમ માંડી રહ્યા છે. માણેકના હાથમાં જલતી મસાલ છે.

ઉદ્યાનની મધ્યમાં નિર્દોષ ભૂમિ પર દ્રષ્ટિ પડતાં જ માણેકચંદ ચકિત બની જાય છે. ઓહ ! કેટલું અદ્ભૂત દશ્ય જીંદગીમાં ક્યાંય આવું દશ્ય તો નિરખવા પણ ન મળે બધા મુનિવરો જાગૃત છે. આચાર્ય ભગવંત પણ સાધનામાં સ્થિર છે. ત્રણ મુનિઓ કાર્યોત્સર્ગ ધ્યાનમાં છે. ત્રણ મુનિઓ વૃધ્ધગ્લાનની સેવામાં તત્પર છે. ચાર મુનિઓ અન્યોન્ય ચિંતનની ચાંદનીમાં ચમકી રહ્યા છે પાંચ મુનિઓ અરસપરસ પુનરાવર્તન કરી રહ્યા છે અને એક બાલમુનિ આચાર્ય ભગવંતની પડખે વિશ્રામ લે છે.

'ઓહ ! આવા સંયમના શણગાર સજેલા અણગારોની મારે પરીક્ષા લેવાની ? હા પરીક્ષા તો કંચનની જ હોય કથીરની નહિ, જો આ મુનિઓ કંચનની જેમ ચમક દમક ધરાવશે તો પુનઃ તેમના ચરણોમાં સમર્પિત થતાં હું પલની ય રાહ નહિ જોઉં.' આમ વિચારી માણેકશાહ મસાલ સાથે ધ્યાનસ્થ મુનિની પાસે જાય છે અને મસાલ તેમના મુખ નજીક રાખે છે. ધ્યાનની પ્રચણ્ડ અગ્નિ સામે આ દુન્યવી શી તાકાત ? માણેકશાહ એક કદમ આગળ વધે છે અને ધ્યાનસ્થ મુનિવરોની દાઢીની પાસે મસાલને ધરી દે છે. ભડભડ લપટો ઉઠે છે અને દાઢી બળીને ખાખ થઇ જાય છે. છતાં મુનિવરો પોતાના ધ્યાનથી ચલિત થવા તૈયાર નથી. મુખ પર એનું એ ઓજ ને તેજ.... એનો એ પ્રભાવ ને સ્વભાવ.....

સમતારસ ભીના આ મહામુનિઓની અજબ સહિષ્ણુતા જોઇને માણેકશાહ વિસ્ફારિત નયન બની જાય છે. આવો ત્યાગ ! આવો વૈરાગ્ય ! આવી સહિષ્ણુતા ને ગંભીરતા ! ધિક્કાર થાઓ મને શ્રાવક કુલમાં ઉત્પન્ન થઇને આવું નીચમાં નીચ વ્યક્તિ પણ ન કરે તેવું ભયંકર દુષ્કૃત્ય મેં કર્યું....?

માણેકશાહનું માથું ભમી જવા લાગ્યું અને મનોમન મહામુનિઓને વાંદીને મિત્રો

સાથે ઝડપભેર શહેર ભણી દોડી ગયો. એના મિત્રો પણ આજે દુઃખી હતા. એમને કલ્પના પણ નહીં કે આ ધર્માત્મા આવા મુનિઓને પણ પરેશાન કરશે.

રાત્રીના બારના ટકોરા પડી ગયાં છે. દુનિયા આખી સૂઇ ગઇ છે પણ આવતો મંદ મંદ પવન પણ આજે તેને અગ્ન ઝાળ જેવો સતાવી રહ્યો છે. તેને બંધ નજરની સામે મહામુનિઓને આપેલ કષ્ટનું દશ્ય ઊભું થાય છે અને તે કમકમી ઊઠે છે. કેવું નિર્લજ્જ કાર્ય મેં કર્યું ? મુનિઓને શાતા આપવાનું સુકૃત જ્યાં કરવાનું હોય ત્યાં મેં અશાતા આપીને કેટલું દારૂણ દુષ્કૃત સ્વ જીવનમાં કરી નાખ્યું છે ?

દિલમાં ઉઠેલો દાવાનળ વરાળનું રૂપ ધારણ કરી જાય છે. પશ્ચાતાપના આંસુથી માણેકચંદ અનન્ય સ્થિતિમાં પહોંચે છે અને મનોમન નિર્ણય કરે છે. આવતીકાલે પૂજ્ય આચાર્ય ભગવંત, મુનિગણ અને ચતુર્વિધ સંઘને મારા ઘરે પધારવાં, મારા પાપનું જાહેરમાં પ્રાયશ્ચિત કરવું અને સકળ સંઘની વચ્ચે પૂજ્યપાદ આચાર્ય વર્યની માફી માગવી.

સંકલ્પ અને સિદ્ધિ બે સામસામા કિનારા છે, પરંતુ વચ્ચે જો સાધના અને પુરૂષાર્થનો પુલ બની જાય છે તો સંકલ્પ સિદ્ધિ વર્યા વિના રહેતો નથી, શુભ સંકલ્પ પુણ્યથી જાગે છે અને તેની સિદ્ધિ પુરૂષાર્થથી જ થતી હોય છે.

પ્રાતઃ....મધ્યાહન.....સંધ્યા......! દિવસ અને રાત પક્ષને માસ વર્ષ અને યુગ, અનંત ભૂત સિમીત વર્તમાન અને અનંત ભવિષ્ય અનાદિ કાળથી સમય પોતાની નિશ્ચિત ગતિએ વહેતો જાય છે અને અનંતકાળ સુધી તે ગતિશીલ જ રહેવાનો છે. તીર્થંકર ચક્રવર્તી કે દેવ દેવેન્દ્ર કોઇ પણ કાળની ફાળને રોકી શકયા નથી.

રાત વીતી ગઇ છે અને સોનેરી પ્રભાત પ્રગટી ગયું છે તે સાથે જ માણેક શાહ આજે વહેલા નિત્ય કર્મથી નિવૃત થઇ ગયા છે. આજે એમનામાં કોઇ અગમ્ય ઉત્સાહના દર્શન થઇ રહ્યા છે. સહુ કોઇ એમના ચહેરા મહોરાને જોઇ સહજ આશ્ચર્ય અને આનંદને અનુભવી રહ્યા છે.

'પ્રાણનાથ ! આજે કેમ આટલા ઉતાવળા ? કયાં જવાનું છે ? રાતના આપ ખૂબ મોડેથી આવ્યા હતા ? શું કોઇ વિશિષ્ટ કાર્ય આવી ગયું છે ? ઉત્સાહ જોતાં લાગે છે કે વ્યાપારમાં વિશિષ્ટ લાભનો કોઇ પ્રસંગ આવ્યો છે ?'

દેવી...! આજે તારા મારા ને બાના આનંદનો દિવસ છે. પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી વિજય હેમવિમલ સૂરીશ્વરજી મહારાજને સ્વાગત અહીં પદાર્પણ કરાવવાનો નિર્ણય કર્યો છે. પૂજ્ય શ્રીનું વ્યાખ્યાન પણ આજે અહીં જ થશે. મારી શંકાઓનું સમાધાન પણ જાહેરમાંજ થશે.

પ્રતિમા વિરોધી વ્યક્તિ દ્વારા પ્રતિમા પૂજક આચાર્યના શુભાગમનની તૈયારી આનંદરતિનો આનંદ આ સમાચારે નિરવધિ બની ગયો હતો અને જિનપ્રિયાતો જાણે આજે ચાર પગે નાચવા તૈયાર થઇ ગઇ હતી. ઉજ્જૈનની ધર્મ પ્રાણ જનતા પણ આશ્ચર્યચકિત હતી.

હજારો નરનારી સાથે માણેકશાહ માતા જિનપ્રિયાને ધર્મપત્ની આનંદરતિ સાથે વાજતે ગાજતે ઉદ્યાનમાં આવી ગયાં છે. એક બાજુ તાજા પુષ્પોની પરિમલને બીજી બાજુ મહાન શ્રમણોના સંયમની સુવાસ ચોતરફનું અંતર, બાહ્યવાતાવરણ સુવાસિત હતું.

માણેકચંદ શેઠની આગ્રહભરી અભ્યર્થના મહામના આચાર્યપ્રવરે સ્વીકારી લીધી, અને આચાર્યશ્રીના નેતૃત્વમાં આખો સંઘ માણેકશાહની ઇમારતના વિશાળ હોલમાં વ્યાખ્યાન સભારૂપે પરિવર્તિત બની ગયો, શાહે પૂજ્યશ્રીનાં સ્વાગત સન્માન અપૂર્વકોટિનાં કર્યા.

મંગલકારી મંગલાચરણ સાથે સરસ્વતીના સાક્ષાત સ્વરૂપ જેવા આચાર્યશ્રીની ધીર ગંભીર શાસ્ત્રસંમત દેશના પ્રારંભાઇ સૂરિપુરંદરના ઉદ્‌ગાર હતા કે જીવનમાં પાપ થવાની સંભાવનાઓ તો ઉઠતી જ હોય છે અને ક્યારેક પાપના ગંજાવર ઢગ પણ ખડકાઇ જતા હોય છે. પરંતુ આજ્ઞાનવશ થઇ ગયેલાં એ પાપોનું જો ગુરૂ સામે પશ્ચાતાપના અશ્રુ સાથે પ્રાયશ્ચિત કરવામાં આવે તો ગમે તેવા ખતરનાક પાતકોનો પણ સફાયો થયા વિના રહી શકતો નથી. પાપીઓના પાપને પખાળનારૂ આ જિન શાસન છે. ચોર, હત્યારા, ભ્રષ્ટાચાર, વ્યભિચારથી ખદબદી ઉઠેલા નરાધમોનું પણ આ શાસન તારક બન્યું છે. ગંગાધારાની જેમ અસ્ખલિત વહી જતી આ ઉપદેશ ધારાના એક એક શબ્દે માણેકશાહનું આત્મનિરીક્ષણ ગંભીર બનતું જતું હતું. નાસ્તિકને પણ લજાવે તેવા આસ્તિકે કરેલ પાપો જાણે નજર સમક્ષ ભૂતાવળની જેમ ધસી આવતાં હતાં. પાતકોની આ સ્મૃતિએ માણેકચંદના રોમેરોમમાં કંપારી છૂટી ગઇ હતી. અંતરનો અવાજ ઉઠયો "જાહેરમાં કરેલ પાપોનું પ્રક્ષાલન પશ્ચાતાપ અને પ્રાયશ્ચિત પણ જાહેરમાં જ થશે." અને માણેકશાહ હજારો વચ્ચે ઊભા થઇ જાય છે. વિનમ્રવદને આચાર્યને કહે છે.

ભગવંત.....! એક ભયંકર દુષ્કૃત મેં કર્યું છે. આપના જેવા સંયમ શ્રેષ્ઠ ક્ષમા શ્રમણોને પણ મેં પરિતાપ આપ્યો છે. ગઇ રાત્રે મુનિ પરીક્ષાના નામે મેં મસાલથી ધ્યાનસ્થ મુનિઓને કલેશ પમાડયો છે. પ્રભો...! મૂર્ખતાવશ થઇ ગયેલું આ દુષ્કૃત્ય મને હજાર હજાર વીંછીના ડંખની વેદના આપી રહ્યું છે. હું જાહેરમાં મારા પાપની માફી માગું છું. મારા શરમજનક દુષ્કતની નિંદા કરૂ છું. મને પ્રાયશ્ચિત આપીને શુદ્ધ કરો.

'માણેકશાહ ! તમે પુણ્યશાળી છો...'

'પ્રભુ....! હું પુણ્યશાળી....! ના....ના પાપીઓમાં શિરદાર છું. આજે એ પાપો યાદ આવતાંજ મારૂ હૃદય રડી રહ્યું છે....'

'ભાઇ....! પાપી પાપને કરે છે અને પુણ્યશાળી જ તે પાપનું પ્રાયશ્ચિત કરે છે. પાપની શુદ્ધિ માટે પ્રથમ પ્રશ્ચાતાપનો પાવક પ્રગટાવવો પડે છે અને પાવકમાં જ્યારે પાપ રાખ બની જાય છે ત્યારે પ્રાયશ્ચિત તેની શુદ્ધિ કરે છે. તમે પણ પ્રશ્ચાતાપને સ્વીકાર કરી રહ્યા છો તેથી તમે ચરમ અને પરમ પદની નિકટ શીઘ્રતિશીઘ્ર પહોંચી શકશો.

પ્રશાંતમૂર્તિ પૂજ્ય આચાર્ય ભગવંતે માણેકશાહને પ્રાયશ્ચિત પ્રદાન કર્યું અને તેમણે પણ સહર્ષ સ્વીકાર કર્યો. ચતુર્વિધ સંઘ માતા જિનપ્રિયા અને પત્ની આનંદરતિ પણ પ્રશ્ચાતાપના આ ધગધગતા પાવકને અભિનંદી રહ્યા.....

સભામાં શાંતિ છે ત્યારે માણેકશાહ વિનંતી કરે છે. 'ભગવંત ! મૂર્તિપૂજા વિષયક મારી શંકાઓનું સમાધાન હું ઇચ્છું છું. આપ આજનો દિવસ અત્રે જ સ્થિરતા કરો. અહીં અલાયદું સ્થાન છે, આરાધનામાં વિક્ષેપ ન પડે તેવી શાન્તિ છે. કૃપા કરી આ મારી વિનંતી સ્વીકારો' કરૂણાસાગર સૂરીશ્વરે પણ માણેકશાહની હાર્દિક વિનંતીનો સ્વીકાર કર્યો અને જિનશાસન દેવકી જયનો ગગનસ્પર્શી નાદ ગુંજી ઉઠયો.

માણેકશાહ શેઠે ચતુર્વિધ સંઘનું વસ્ત્રાદિથી બહુમાન કર્યું અને પૂજ્યશ્રીના 'સર્વમંગલ' સાથે સભાનું વિસર્જન થયું. એ સ્થાન કેટલું મહાન છે કે જ્યાં આવા પૂજ્યોના પદાર્પણ હોય. વ્યક્તિ કેટલો મહાન જેને આવા ગુરૂવરનો સત્સંગ મળે તે હૃદય કેટલું મહાન આવા ગુરૂદેવની માનસપ્રતિમા સ્થાપિત થયેલી હોય.

## ૫. પ્રતિમાપૂજન શાશ્વત છે.

ભગવંત મૂર્તિપૂજા શાસ્ત્રસંમત છે ? શાસ્ત્રોમાં ઉલ્લેખ છે ?

માણેકશાહ આગમોના અવલોકનમાં, ઈતિહાસનાં પાનાઓમાં, સ્થળે સ્થળે મૂર્તિપૂજાનો ઉલ્લેખ જોવા મળે છે. ભગવતી સૂત્ર જેવા સર્વશ્રેષ્ઠ આગમગ્રંથમાં પણ મૂર્તિના ઉલ્લેખ સાથે પરમાત્માની પૂજાના વિધાનનું સ્પષ્ટ અને વિશદવર્ણન જોવા મળે છે. રાયપસેણ પ્રમુખ ગ્રંથોમાં પણ દ્રૌપદી સૂર્યાભદેવના વર્ણનમાં મૂર્તિપૂજાના માધ્યમને ખૂબ જ સારી રીતે વર્ણવ્યું છે.

જ્ઞાતા સૂત્રના મૂલાગમમાં પણ શ્રી શત્રુંજ્ય મહાતીર્થ પર મોક્ષ પામેલ

થાવચ્ચા પુત્રનું વર્ણન આ રીતે છે.

तएणं से थावत्त्यापुत्ते अणगार सहस्सेंणं सद्धि संपरिपुडे नेळेव पुंडरसण से पव्वअं सळियंर दुरूहति तेणे से सुए अणुगारे तेंणं अणगार सहस्सेण सिठ संपरिवुडे...जेणेव पुडरिए पव्वए जाव सिद्धे

(ज्ञातासूत्र आ सं. ५० - १०८ - १.२)

'પ્રભો ! વર્તમાન અવસર્પિણી કાળમાં સર્વ પ્રથમ પ્રતિમાનું નિર્માણ ક્યારે થયું ?'

માણેકશાહ પ્રથમ તીર્થંકર ભગવાન આદિનાથના પુત્રરત્ન ભરતચક્રવર્તિએ શત્રુંજય મહાતીર્થનો ઉદ્ધાર કરાવ્યો હતો. જે શાશ્વતગિરિ છે. અષ્ટાપદ પર્વત પર ભરતેશ્વર શ્રી આદિનાથથી મહાવીર સ્વામી પર્યંત ૨૪ તીર્થંકરોની સ્વ. સ્વ. કાયપ્રમાણ રત્નમય પ્રતિમાઓ ત્યાં સમહોત્સવ પ્રતિષ્ઠિત કરી હતી.

વર્તમાન ઈતિહાસ તરફ દ્રષ્ટિપાત કરતા જિન શાસનનાં સર્વતોમુખી પ્રતિભા ધરાવતાં અનેક તેજસ્વી તારલાઓ નજરે પડે છે. મહારાજા સંપ્રતિએ સવાલાખ જિન મંદિરોનું નિર્માણ કરાવ્યું હતું અને સવાક્રોડ પ્રતિમાઓ ભરાવવાનું ભગીરથ કાર્ય કર્યું હતું. આજે પણ ભારતવર્ષના સેંકડો જિનાલયોમાં બાવીસ બાવીસ શતાબ્દી પૂર્વની એ દિવ્ય સંપ્રતિ કાલીન પ્રતિમાઓ ભક્તોના પાપોને હરી લે છે.

ચરમ તીર્થંકર પરમાત્મા મહાવીર સ્વામીના જીવનકાળમાં તેમના જ વડીલ બંધુ નંદિવર્ધને પ્રભુની પ્રતિમાઓ ભરાવીને જુદા જુદા સ્થાને બિરાજમાન કરી હતી. નાંદિયાના એ ભગવાનને નીહાળતાં તો ઘડીભર લાગે કે સાક્ષાત પરમાત્મા આપણી સામે બીરાજમાન છે. દીયાણા તીર્થના જીવિત સ્વામી આજે પણ ડુંગરાઓની હારમાળા વચ્ચે પણ ચમત્કારોની સૃષ્ટિ સર્જી રહ્યા છે. નાણા અને મહુવામાં...રાતા....મહાવીર અને મુછાળા મહાવીર... આ બધી પ્રતિમાઓ અલૌકિક ને અદ્દભૂત છે.

જય શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાન..... પ્રાચીનમાં પ્રાચીન એ પ્રતિમા પણ આજે કેવો પ્રભાવ પાથરી રહી છે. દેવલોક, મૃત્યુલોક અને પાતાલલોક.... ત્રણેયમાં પ્રભુની પૂજા થઇ છે. મૂર્તિ નિર્માણનો ઈતિહાસ પણ કેટલા યૂગજનો... ગૌરવભર્યો.... ભગવાન યુગાદિનાથના જન્મથી પણ પહેલા ગત ચોવીસીના નવમાં તીર્થંકર દામોદર ભગવાનનાં શાસનમાં આષાઢી શ્રાવકે પ્રભુની પ્રતિમા નિર્મિત કરી હતી...

ત્રૈલોક્નાથ પરમાત્મા મહાવીર સ્વામીના અનન્ય ભગત મહારાજ શ્રેણીકે આવતી ચોવીસીના પ્રથમ તીર્થંકર ભગવાન પદ્મનાભ ભગવાનની કરૂણા રસભરી પ્રતિમા ભરાવીને પોતાનું સમગ્રદર્શન નિર્માણ કર્યું હતું. આજે પણ જેના પ્રભાવ અને પ્રતાપ જગ જાહેર છે. તે શ્રી અન્તરીક્ષ પાર્શ્વનાથ પ્રભુ ઉજ્જૈનમાં બિરાજમાન શ્રી અવંતિ પાર્શ્વનાથ ભગવાનની પ્રાચીનતાના આજે પણ ગીત ગવાઇ રહ્યા છે.

આબુ... દેલવાડા અને અચલગઢના એ સૌધ શિખરી જિનમંદિરો પ્રતિ આંખ ધરો.... કેવાં કલાત્મક આજ જિનાલયોની અદ્‌ભૂત કલાકૃતિ અને રચના પદ્ધતિ જોઇને વિશ્વના વૈજ્ઞાનિકોને પણ કહેવાનું મન થઇ ગયું. પણ આ એક જગતનું આશ્ચર્ય છે અને આવા અલૌકિક સર્જન કર્તા હર્તા વસ્તુપાલ - તેજપાલને વિમલશાહને કેમ ભૂલી શકાય ?

ધરણશાહ પોરવાળ તો સદાય યાદ રહી જાય તેવું કામ કરી ગયા છે. ૧૪૪૪ સ્થંભ સાથે નલિનીગુલ્મ વિમાન આકારનો ત્રૈલોક્યદીપક મહાપ્રસાદ.... તસ્મિન કાલે.... તસ્મિન સમયે..... જિનાલયના નિર્માણમાં ૯૯ ક્રોડ દ્રવ્યનો વ્યય થયો હતો. વિચારજો... કેવી ઉદારતા અને ઉદારતાને દીપાવનારૂ સર્જન....

રાજસ્થાન કેસરીયાજી તીર્થમાં બીરાજમાન કેસરીયાનાથજી..દેવ ભગવાન...જૈન અજૈન બધાંના એ આરાધ્યદેવ.... ભગવાન મુનિસુવ્રત ભગવાનના શાસન કાળમાં પણ આ પ્રતિમાની પૂજા, ભક્તિના ઉદાહરણો આજે પણ ઈતિહાસના પાનાઓમાં ઉપલબ્ધ થાય છે. માણેકશાહ ! પ્રતિમા પૂજનનાં આવાં તો કેટલાક દ્રષ્ટાંતો આગમોના મૂલપાઠોમાં મળે છે. તમે મનમાંથી શંકાના વાદળોને નેસ્ત નાબુદ કરી દો અને પુઃન તમારા દિલ દેવળમાં પ્રભુ પ્રતિમાની આસ્થાનો દિપ પ્રગટાવી દો.

આચાર્ય ભગવંતે શાસ્ત્રપાઠ ઈતિહાસના ઉલ્લેખ - તર્ક - યુક્તિ સાથે પાથરેલ આસ્થાના અજવાળે માણેકશાહનું મિથ્યાત્વ ધોવાઇ ગયું. પુનઃ સમગ્રદર્શનનો દિપ ઝળહળવાં લાગ્યો.

મહાસુદ પંચમીનો પાવન દિવસ.... વસંત પંચમી..... શ્રી પંચમી.... કેટલા કેટલાં એનાં નામ. જ્યોતિષ શાસ્ત્રમાં જેને સદૈવ શુભ દિવસરૂપે માન્ય કરવામાં આવ્યો છે. આનંદનો... સાધનાનો... આરાધનાનો... નવિનજ્ઞાન સંપાદનનો..... આ મંગલકારી દિવસ છે અને આવા શુભ દિને માણેકશાહ પૂ. આચાર્ય ભગવંત શ્રીના તારક સાનીધ્ય અને શ્રીમુખે સમ્યક્ત્વ મૂલક બાર વ્રતનો સ્વીકાર કર્યો. પુનઃ પરમાત્માની અષ્ટ પ્રકારે પૂજા કરવાનો નિર્ણય ઘોષિત કર્યો અનુકંપાદાનની સરવાણી વહેતી મૂકી. જિનપ્રિયાને મન આજે ખુશીના બારે મેઘ વરસી રહ્યા હતા.

આનંદરતિના મુખડા પર પ્રસન્નતાના ચાર ચાર ચાંદ દીપી રહ્યા હતા અને આજે માણેકશાહની સાથે બંનેએ ધીનો સ્વીકાર કર્યો.

# ૯. ઈતિહાસની અનોખી અદ્‌ભૂત યાત્રા

**વ્યાપાર કાર્યે માણેકશાહનું આગમન આગ્રા શહેરમાં થયું છે. સાચો શ્રદ્ધાવંત જ્યાં પગ મૂકે ત્યાં પ્રથમ સમાચાર જિનમંદિર** અને ગુરૂ ભગવંતના જ મેળવે. **માણેકશાહે** જિનાલયમાં પ્રશમરસ નિમગ્ન પરમાત્માનાં દર્શન કર્યા અને ત્યાં જ તેમને સમાચાર મળ્યા કે પૂજ્ય આચાર્ય પ્રવર શ્રી. વિજય હેમવિમલ સૂરીશ્વરજી મ.સા. ચાતુર્માસ માટે આગ્રામાં પધાર્યા છે. બાજુના ઉપાશ્રયમાં જ બીરાજમાન છે.

અવકાશના આંગણે વાદળાઓની ધીંગામસ્તી થતી હોય, વિજળીના ચમકારા ધરતીનાં ઓવરણાં લેતા હોય, કડાકાને ભડાકા સાથે આકાશી ગર્જનાઓ ગુંજતી હોય ત્યારે મયૂરને મન કેટલો આનંદ !

વસંતનાં વધામણા આવ્યાં હોય, પાનખરનાં સ્થાને પારિજાત પ્રગટ્યાં હોય, લીલી વનરાજીથી ધરતીએ સોળ શણગાર સજ્યા હોય, બાગને બગીચાઓ મધુર સોડમ ભર્યા હોય ત્યારે કોયલને મન કેટલો આનંદ ? એથીય વધુ આનંદ આજે માણેકશાને ગુરૂ દર્શનનો છે.

'ગુરૂદેવ ! ગુરૂદેવ ! મત્થએણ વંદામિ ગુરૂદેવ !'

'ધર્મલાભ !' ગુરૂવરે પણ પૂર્ણ પ્રસન્નતાથી આશીર્વાદ આપ્યો.

પારસમણીના સ્પર્શે તો લોઢું પણ સુવર્ણ બની જતું હોય છે. ચિંતામણીના સંગે તો ચિંતાઓ પણ ભાગી જતી હોય છે. કામધેનુની પ્રાપ્તિ એ ઇચ્છાઓ પણ સફલ બની જતી હોય છે. કામકુંભની ઉપલબ્ધિએ વિપદાઓ પણ દૂર હડસેલાઇ જતી હોય છે જ્યારે માણેકશાહને તો ગુરૂદર્શને ચારેય સિદ્ધિઓની પ્રાપ્તિ એક સાથે જ થઇ ગઇ છે.

આગ્રા શહેરમાં આચાર્ય પ્રવરશ્રીના વ્યક્તિત્વ, કૃતિત્વ અને વકતૃત્વનો ખૂબ જ સારો પ્રભાવ પડ્યો છે. હજારો શ્રોતાઓ પૂજ્યશ્રીના મુખારવિંદમાંથી વરસતા શબ્દ મોતીઓને પામવા દોડી આવતા હતા. જિનવાણીનાં પાણી પણ મુક્તમને લ્હાણી કરતાં હતાં અને પરિણામ સ્વરૂપ પાપીઓએ પાપ તજ્યાં, ધર્મના શણગાર સજ્યા.....

આવો પુનિત પાવન અવસર જીવનમાં ફરી ક્યારે આવવાનો ? માણેકશાહે સંપૂર્ણ વ્યાપાર મુનિમોને સુપ્રત કરી દીધો અને પોતે ગુરૂભગવંતના સાનિધ્યમાં સામાયિક, પ્રતિક્રમણ, મહામંત્ર સ્મરણ, ધ્યાન ચિંતન, સ્વાધ્યાય, વૈયાવચ્ચથી સ્વયંને ધન્ય બનાવવા લાગ્યા.

આજે વ્યાખ્યાનમાં ઘોષણા થઇ છે. આવતી કાલથી પ્રવચનમાં શત્રુંજ્ય મહાત્મ્ય ગ્રંથ આધારિત વ્યાખ્યાનો થશે. સહુને આ ઘોષણાથી અપાર આનંદ થયો. જૈન જગતનું જાજવલ્યમાન જ્યોતિસ્વરૂપ તીર્થ એટલે શત્રુંજ્ય, સિધ્ધાચલ, મુક્તિ નિલય ! એની પ્રભાવ કથા સાંભળવી કોને ન ગમે ? સહુ ઉત્સાહિત થયાં.

તારે તે તીર્થ ! તીર્થ તો ભારતવર્ષમાં અનેક છે પણ સિધ્ધાચલની બરાબર તો એકેય તીર્થ નથી. જેના કાંકરે અનંતા સિધ્યા છે. એ તીર્થના કણેકણમાં સિદ્ધિને સિધ્ધાત્માઓનું એક મહાકાવ્ય ધબકી રહ્યું છે એટલે જ સહુ તીર્થસ્થાનોમાં મોખરે છે. 'સિધ્ધાચલજી ! ઘોર પાપ આચરનારાઓ પણ આ તીર્થની સ્પર્શનાએ પાવન થયા છે.

આગમના અભ્યાસીને, આગમના શ્રોતાઓને ખ્યાલ જ છે. આં પતિતપાવન તીર્થને જીવનમાં એકવાર પણ જુહારનાર, નિયમો ભવ્ય જ હોય છે. મનુષ્યજન્મ મેળવીને જે વ્યક્તિ આ તીર્થની સ્પર્શના નથી કરતો તે ખરેખર હજી ગર્ભાવાસમાં જ છે. અરે...! પશુ પંખીઓ પણ જો આ તારક તીર્થને અવલંબે તો ત્રીજા ભવે સિદ્ધ થઇ જાય છે.

પ્રાયે : એ ગિરિ શાશ્વતો.... અનાદિકાળથી આ તીર્થનું અસ્તિત્વ અને અસ્મિતા રહેલાં છે અને અનંતકાળ સુધી ટકવાનાં છે. જગતની કોઇ શક્તિ, પ્રકૃતિની કોઇ તાકાત નથી કે જે મહાતીર્થના મૂળને નેસ્ત નાબૂદ બનાવી શકે. એનું સ્મિત સદાય જીવંત રહેશે....

ગરવા ગિરિરાજ પર સ્થાપિત જિનાલયોનો ઉધ્ધાર સમયે સમયે થતો જ રહ્યો છે. ઇશાનેન્દ્ર, માહેન્દ્ર, બ્રહ્મેન્દ્ર, ચમરેન્દ્ર અને વ્યંતરેન્દ્ર જેવી દૈવી શક્તિઓ એ આ તીર્થના ઉધ્ધારનું સૌભાગ્ય મેળવ્યું છે તો ભરતેશ્વર, દંડવીર્ય રાજા, સગરચક્રી ચંદ્રયશારાજા, ચક્રાયુધ, રામચંદ્રજી અને પાંડવ જેવી મહાન વ્યક્તિઓએ તીર્થોધ્ધારનું ગૌરવ પ્રાપ્ત કર્યું છે. વર્તમાન સમયમાં પણ જાવડશા, બાહડમંત્રી, સમરાશા. ઓસવાળ અને કર્માશાહ દ્વારા ઉધ્ધારની દિવ્યકથાઓ આલેખાઇ છે. ભવિષ્યમાં વિમલવાહન રાજા આ તીર્થના અંતિમ ઉધ્ધારનું પુણ્ય ઉપાર્જિત કરશે.

સિધ્ધપદ અને સિધ્ધાચલ જાણે એક મેક બની ગયાં છે. જે સિધ્ધાચલનું શરણ સ્વીકારે એ સિધ્ધિપદને મેળવી જ જાય જુઓ ! પુંડરીક ગણધર ૫ ક્રોડ અને દ્રાવિડ વારિખિલ્લજી ૧૦ ક્રોડ સાથે મોક્ષે ગયા. શામ્બને પ્રદ્યુમ્ન ૮ ક્રોડ ૫૦ લાખ સાથે તો પાંડવ ૨૦ ક્રોડ સાથે મોક્ષે પધાર્યા. નમિ, વિનમિ ૨ ક્રોડ અને રામ ભરત ૩ ક્રોડ સાથે શિવસુંદરીને વર્યા. નારદજી ૯૧ લાખ સાથે તો સોમયશા ૧૩ ક્રોડ સાથે પરમપદને પામ્યા. થાવચ્ચાપુત્ર, શુકપરિવ્રાજક, કંદબગણધર,

શેલકાચાર્ય વગેરે અનેક મહાપુરૂષો વિશાળ સંખ્યા સાથે મોક્ષે પધાર્યા છે.

શ્રી સિધ્ધાચલજીનો મહિમા અપરંપાર છે. શ્રી સીમંધર સ્વામી જેવા તીર્થંકરના શ્રીમુખે પણ જેના પ્રશિસ્ત ગાન, સ્તુતિ ગાન અને મહિમા ગાન ગવાયાં હોય એ તીર્થની કમનીયતામાં શું કમી હોય ? જ્યાં પાપ પખાળતી શેત્રુંજી નદી હોય અને ઇચ્છાપૂરક રાયણવૃક્ષ હોય, નવટુંકના રૂપમાં જ્યાં મંદિરોનું નગર ઉભું હોય તેનું સાચું વર્ણન તો સાક્ષાત સરસ્વતી આવીને ઉભી રહે તો ય ન કરી શકે.

વિશ્વનું સર્વશ્રેષ્ઠ તારક તીર્થ શત્રુંજ્ય છે. અહીં નેમનાથ વિના ૨૩ તીર્થંકર પરમાત્મા વિચર્યા છે. આવતી ચોવીશીના શ્રી પદ્મનાભાદિ દરેક તીર્થંકરોનું શુભાગમન આ ગિરિરાજ પર થશે.

મહાતીર્થના રૂપ સ્વરૂપ પણ જુદા જુદા સ્થળેથી જુદી જુદી રીતે થતાં હોય છે. વલભીપુર તરફથી ગિરિરાજનાં દર્શાન કરો. જાણે મદમસ્ત ગજરાજ સૂંઢને ફેલાવી ને વિશ્રામ લઇ રહ્યો છે. શત્રુંજી નદીનાં પૂર્વ વિભાગમાંથી ગિરિરાજનાં દર્શન જાણે એક પ્રવહણ જેવાં થાય છે અને ત્યાં ઉભેલા દેરાસરો જાણે પ્રવહણની ધ્વજા જેવાં લાગે છે.

જેવો મહિમા તીર્થાધિરાજનો છે તેવો જ મહિમા ગિરિરાજની ટોચ પર બીરાજમાન તીર્થનાયક ભગવાન આદિનાથનો પણ છે. છેલ્લો ઉધ્ધાર કરનાર ધર્મવીર કર્માશાએ ત્રૈલોક્યનાથનું આ બિંબ એવા અપૂર્વ હર્ષોલ્લાસને વીર્યોલ્લાસ સાથે ભરાવ્યું છે કે આજે પણ જગતમાં આવી પ્રતિમાનાં પાવન દર્શન ક્યાંય ન થાય. પૂજ્ય આચાર્ય પ્રવર શ્રી વિદ્યામંડન સૂરીશ્વરજી મહારાજાના વરદ હસ્તે જે પ્રભુની સ્થાયી પધરામણી થઇ હોય એ પ્રતિમાના ઓજ તેજનો તો પ્રશ્ન જ ક્યાં ઉઠે ?

ભાગ્યશાળીઓ...! પૂજ્ય હેમવિમલ સૂરીશ્વરજી મહારાજા શ્રી શત્રુંજ્યની મહિમાનું આખ્યાન માણેકશાહ જેવા નરવીરોથી સુશોભિત ધર્મસભામાં વિશદ રીતે કરી રહ્યા છે. આખી સભા તન મનથી દેશના મૃતનું પાન લયલીન બનીને કરી રહી છે. સુંદર શબ્દ.... સુંદર ભાવ... પ્રભાવ...! અપ્રતિમ વકતૃત્વ વૈભવ.

કેવળજ્ઞાન અને કેવલદર્શન સાથે સર્વજ્ઞપદ શોભાવતા અતિમુક્ત મહામુનિઓ અને નારદજીએ ગિરિરાજનો મહિમા આ રીતે કંઇક ગાયો છે.

(૧) અન્ય તીર્થોમાં બ્રહ્મચર્યપાલન અને ઉગ્ર તપસ્યાથી જે પુણ્ય થાય છે. તેથી અધિક પુણ્ય સિધ્ધાચલજીમાં માત્ર વસવાથી થાય છે.

(૨) એક ક્રોડ મનુશ્યને ભોજન આપવાથી જે પુણ્ય થાય તેટલું ગિરિરાજની છાયામાં એક જ ઉપવાસથી થઇ જાય છે.

(૩) શત્રુંજ્ય તીર્થની સ્પર્શનાથી બધા તીર્થોના દર્શનનું પુણ્ય મળી જાય છે.

(૪) શત્રુંજ્યની યાત્રાએ જતાં વચ્ચે ચતુર્વિધ સંઘનું જે પુણ્યશાળી વસ્ત્ર પાત્ર ભોજનથી ભક્તિ કરે છે તેને કોટિગણું મળે છે.

(૫) અષ્ટાપદ સમ્મેતશિગરજી પાવાપુરી ગીરનાર ચંપાપુરી વગેરે તીર્થોના દર્શન વંદનના લાભ કરતાં શતગણો લાભ ગિરિ દર્શનથી થાય છે. પૂજન કરવાથી હજારગણું, પ્રતિમા ભરાવવાથી તીર્થના રક્ષણથી અનંતગણું ફળ પ્રાપ્ત થાય છે. પ્રતિમા ભરાવવાથી તે વ્યક્તિ ચક્રવર્તીપદ - દેવગતિ અને ક્રમશ મુક્તિપદને પામે છે.

(૬) જે પુણ્યશાળી ચઉવિહાર છઠ્ઠ કરીને તીર્થાધિરાજની સાત યાત્રાઓ કરે છે તે ત્રીજા ભવે મોક્ષની પ્રાપ્તિ કરે છે.

(૭) આ તીર્થના સ્મરણ, ભજન, સ્તવન ને ધ્યાનથી સિંહ, વાઘ, સર્પ વગેરે હિંસક ભયો નાશ પામે છે, ભૂત પ્રેતના વળગાડ દૂર થાય છે અને આધિ વ્યાધિ ઉપાધિથી સર્વથા મુક્ત બનાય છે.

(૮) તીર્થની સ્પર્શનાથી સમ્યગ્દર્શનનું નિર્મલીકરણ થાય છે.

(૯) ૯૯ યાત્રા કરનાર ભાગ્યશાળી સંસારથી મુક્ત બની જાય છે.

(૧૦) બ્રહ્મચર્યપાલન - એકાસણાવ્રત - ધરતીપરશયન - સચિતત્યાગ આવશ્યક પ્રતિકમણાદિ ક્રિયા આ પાંચ વિશેષતાઓ સાથે જે ભાગ્યશાળી પગે ચાલતાં ચાલતાં તીર્થાધીરાજની યાત્રા કરે છે. તેના પુણ્યનો તો કોઇ પાર રહેતો જ નથી.

“ધન્યવાણી... ધન્યગિરિરાજિ... ધન્યતિધન્ય જય શત્રુંજ્ય...” પૂજ્ય પ્રવર... આચાર્યમહારાજની વાણીના પાવનશ્રવણે સહુ શ્રોતા એક સાથે બોલી ઉઠયા, સેંકડો હજારોના મનમંદિરમાં પાલીતાણાની પ્રતિકૃતિ સ્થાપિત થઇ ગઇ.

“ગિરિવર દર્શન વિરલા પાવે”નું ગીત છેડાઇ ગયું.

ગરવા ગિરિરાજની ગૌરવ ભરી ગાથા-કથા સુણીને માણેકશાહનો મનમયુર તો સોળે કળાએ નાચી ઉઠયો હતો. ભરસભાની વચ્ચે તેમણે આચાર્ય ભગવંતને પ્રાર્થના કરી.

‘ભગવંત ! મને પ્રતિજ્ઞા આપો. કાર્તિક પૂર્ણિમા પછી ચઉવિહાર ઉપવાસ સંપૂર્ણ મૌન વ્રત - નવકારમહામંત્રને શત્રુંજ્યનું ધ્યાન - સંપૂર્ણ આવશ્યક ક્રિયા અને પદયાત્રા સાથે શ્રી સિધ્ધાચલજીનાં પાવન દર્શન કરીને ધન્ય બનીશ..... ત્યાં સુધી

આહાર પાણી ત્યાગ' માણેકશાહની પ્રતિજ્ઞાના આ સ્વર સુણીને આખી સભા સ્તબ્ધ બની ગઇ. આટલી કઠોર પ્રતિજ્ઞા...! આટલું દુષ્કર કાર્ય....! આટલી મહાન સાધના...! ધન્ય ધન્ય ધન્ય......! હજારો શ્રોતાઓ માણેકશાહની પ્રતિજ્ઞાની મુક્તમને પ્રશંસા કરવા લાગ્યાં.

દીર્ઘદ્રષ્ટા ગુરૂદેવે માણેકશાહને સાવધાન કર્યા... 'ભાગ્યશાળી...! આવી મહાન પ્રતિજ્ઞા સ્વીકાર કરતાં પૂર્વે ચોતરફનો વિચાર કરી લો... પાલીતાણા અહીંથી અતિ દૂર છે. આગ્રા... મારવાડ... ગુજરાત અને તે પછી સૌરાષ્ટ્રનું પાલીતાણા..... અન્ન જળ વિના તમે શી રીતે પહોંચી શકો ગિરિવરની ગોદમાં.... એકલાં જતાં રસ્તામાં વિઘ્નો કેટલાં ! માણેકશાહ....! તમારી ભાવના ઉંચી છે પણ વિચારણા માંગી લે તેવી છે.''

'ગુરૂદેવ ! આપ જેવા સમર્થ સૂરિદેવના હૃદયના આશીર્વાદ મારી સાથે હોય પછી મારે શેની ચિન્તા.....! ભોજન અને પાણી તો જન્મોજન્મમાં આ જીવાત્માએ ગ્રહણ કર્યા છે. ગિરિરાજની યાત્રાએ આગળ વધતાં અને તીર્થધિરાજનું ધ્યાન ધરતાં આ પ્રાણ પણ ચાલ્યા જાય તો મને કોઇ વ્યથા નથી. ગિરિરાજ... સિધ્ધાચલ... આદિશ્વર દાદા... ઓહ...! મારી ભવોભવની ભ્રમણા ભાંગી જશે. ગુરૂદેવ....! પ્રતિજ્ઞા આપો...!'

સંકલ્પ....! દ્રઢસંકલ્પ..... સાત્વિક વ્યક્તિનો સંકલ્પમાં શક્તિ પ્રસરે છે. ત્યાં સિદ્ધિનું સ્મિત ઝળકે જ છે. પેલા કવિની કવિતાના આ શબ્દો કેવી રીતે ઊંચી પ્રેરણા પૂરી પાડી છે. હું ઇચ્છું તો પથ્થરને પણ ઓગાળી શકું છું.

હું ઇચ્છું તો હવાને રોકી શકું છું અને હું ઇચ્છું તો મુર્દાને ઉપાડી ઉપાડીને અક્ષર શીખાવી શકું છું.

માણેકશાહના દ્રઢ સંકલ્પને નીરખીને પારખીને પુજ્ય હેમવિમલ સૂરીશ્વર મહારાજાએ પણ સકલ સંઘ વચ્ચે તીર્થધિરાજની પદયાત્રાની પ્રતિજ્ઞા આપી દીધી. પ્રતિજ્ઞા સ્વીકાર કરતાં જ માણેકશાહનો ચહેરો કોક અનોખા, અદ્દ્ભૂત તેજ ઓજથી દીપી ઉઠયો. આજનો આ મંગલકારી શુભદિન હતો આસો સુદ પાંચમ....!

કાર્તિક પૂર્ણિમાના શુભદિને આચાર્ય ભગવંત પાસે મંગલાચરણનું શ્રવણ કરીને માણેક શાહે ગિરિરાજ ભણી મંગળમય પ્રસ્થાન આદરી લીધું. આગ્રાના સંઘે સ્નેહભરી વિદાય આપી. અકેલા ચલોની ભાવના સાથે માણેકશાહે આગ્રાની છેલ્લી વિદાય લીધી. સાહસવીર આ સાધક અપૂર્વ ઉલ્લાસ સાથે આગળ વધવા લાગ્યો. કેવાનું મન થઇ જાય છે. કમર પાણીમાં ઊભા રહીને રેતીનાં ટોપલા કાઢનારો મોતી ન પામે, એ માટે તો મરજીવા બનીને સાગરતળીયે ડૂબકી જ મારવી પડે.

માણેકશાહ પણ મરજીવા બન્યા હતા આજે.....!

તીર્થ સ્થાનોનો પ્રભાવ મન માટે જબરજસ્ત ઔષધ પૂરૂ પાડે છે. આવા તીર્થો સર્ચલાઇટ બનીને આપણા જીવન માર્ગ પર અજવાળું પાથરે છે અને વળી દીવાદાંડી બનીને દૂર રહ્યા પ્રત્યેક ક્ષણે જીવન-નૌકાને વાસનાના ખડક સાથે અથડાતી રોકે છે.

ઇતિહાસના કોઇ પણ પાને ન જડે એવી યાત્રાના પંથે માણેકશાહના કદમ આગે બઢતા જાય છે. લાખો તીર્થયાત્રીઓના સંઘોની વાતો તો સાંભળી છે. એકાસણા સાથે છરી પાલતાં યાત્રાની વાતો પણ સાંભળી છે ને વાંચી છે પણ અન્ન જળ વિના પદયાત્રા યુક્ત આ તીર્થ યાત્રાનો ભીષ્મ પ્રસંગ દુનિયામાં શોધવા જાઓ તોયે મળે તેમ નથી. તીર્થોની તવારીખમાં પ્રાયઃ માણેકશાહ સદાય આશ્ચર્યના રૂપે જ દેખાશે....

ગુજરાતમાં પ્રવેશ થઇ ગયો છે. પાલનપુરથી નજીક મગરવાડાની પાસેના જંગલમાંથી માણેકશાહ ઝડપભેર આગળ વધી રહ્યા છે. મનમાં ગિરિરાજનું ધ્યાન છે. દુનિયાનો કોઇ ખ્યાલ તેમને નથી. કેટલાય દિવસો વીતી ગયા. ભોજન લીધું નથી, પાણી સ્વીકાર્યું નથી છતાં અજબ મસ્તી સાથે તેમના કદમ ધરતી પર પડી રહ્યા છે.

વન... ઘનઘોર વન..... ચોર અને ડાકુઓનો જ્યાં સદા ત્રાસ આ વનમાંથી પસાર થતા માણેકશાહને ડાકુઓએ જોઇ લીધા. એકજ વ્યક્તિ આવા ગહન જંગલમાંથી ઝડપ સાથે ચાલ્યો જાય એની પાસે માલ મિલકત છુપાયેલી હશે અને ડાકુના સરદારે ત્રાડ પાડી વાણીયા... ઊભો રહે... એક ડગ પણ આગળ ન વધીશ.

મુક્તિનિલયગિરિના ધ્યાનમાં એકલીન બનેલા માણેકશાહ ડાકુના પડકારને સાંભળી ન શક્યા એજ ગતિને એજ મતિ સાથે તેઓ ચાલ્યે જવા લાગ્યા. તસ્કરોને થયું કે જરૂર માલમાલ છે. ચોર તસ્કરો નાગી તલવાર સાથે માણેકશાહ તરફ ધસ્યા તડ...તડ...તડ... તલવારો માણેકશાહ પર ઝીંકાઇ. 'જય શત્રુંજય'ના નિર્ઘોષ સાથે માણેકશાહની કાયા ત્યાં ને ત્યાં ઢળી પડી પ્રાણ પંખેરૂં ઉડી ગયું. શરીરના એક સાથે ત્રણ ભાગ મસ્તક, પગ ને ધડ...!

"ઐસી દશા હો ભગવન જબ પ્રાણ તનસે નીકળે.... ગિરિરાજ કી હોય છાયા... મનમેં ન હોવ માયા..... તપસે..... હો શુદ્ધ કાયા.... જબ પ્રાણ તનસે નીકળે.... આવી જ શુદ્ધ ભાવનાથી જવામર્દ નરરત્ન ધર્મરત્ન માણેકશાહનાં પ્રાણ હતાં અને શત્રુંજયનાં પાવન ધ્યાનથી, સ્મરણોથી, રટણથી ધરતીનું આ સુવાસિત ગુલાબ વ્યંતરનિકાયના યક્ષજાતિના ઇન્દ્ર બનવાનું સૌભાગ્ય મેળવી લે છે.

# ૭. મગરવાડાના માણિભદ્ર

**ઇર્ષ્યા.....! ભડભડની અચરીજ ભરી અગન જવાળા....! દુઃખી તો પોતાના દુઃખે દુઃખી હોય છે. પરંતુ સુખી સદા બીજા સુખે દુઃખી હોય છે. અન્યના સુખની ઇર્ષ્યા માનવને સદૈવ જલાવતી હોય છે. જંગલમાંથી જતા પેલા વ્યાપારીને એક વ્યક્તિએ પ્રશ્ન કર્યો હતો. પ્રશ્નનો જે જવાબ મળ્યો તે ખરેખર ચોંકાવનાર હતો.**

તમે શાનો વ્યાપાર કરો છો ?

ઇર્ષ્યાનો....!

તમારા ગ્રાહક કોણ કોણ બન્યા ?

સ્ત્રી વર્ગ-વ્યાપારી અને ધર્મના ઠેકેદાર....!

કેટલો સણસણતો જવાબ હતો આ વ્યાપારીનો... કલ્પના આધારિત આ રૂપક પણ આપણને કેટલું બધું સમજાવી જાય છે. સ્ત્રીઓ અને વ્યાપારીઓમાં તો ઇર્ષ્યા વૃતિ હોય એ જગજાહેર છે, પરંતુ એ એટલી ખતરનાક નથી જેટલી ધર્મના ઠેકેદારમાં રહેલી ઇર્ષ્યા છે. ધર્મના સ્વાંગમાં પોતાની ઇચ્છા પૂર્તિ માટે જે કરવાનું હોય તે કરી છૂટે છે. પોતાની સામે આવનાર અન્ય ઠેકેદારને તે ક્યારે ય સહી શકતો નથી.

માણેકશાહના જીવનમાં પરમાત્મભક્તિના વિરોધનાં વાવાઝોડાં ફૂંકનાર કડવામતી સાધુઓને જ્યારે સમાચાર મળ્યા કે માણેકશા પુનઃ પ્રભુના શ્રેષ્ઠતમ ભક્ત બન્યા છે. ત્યારે તેમના અંતરમાં ઇર્ષ્યાનું જીવલેણ વિષ ઉત્પન્ન થયું. માણસના વિચારો જ્યારે નિકૃષ્ટ બને છે ત્યારે આચારોમાં હીનતા આવ્યા વિના રહેતી નથી. સાધુઓએ નિર્ણય કર્યો. અમારા ભક્તના મન પરિવર્તન કરનાર મુનિઓને કાળ ઝાળની જાળમાં સપડાવવા પડશે.

સત્તા, શક્તિ અને સંપતિ સાથે જો વિવેકની વિશાળતા ન હોય તો ત્રણેય તાકાત માનવને ઊંડી ગર્તામાં ફેંકી દે છે. તેથી જ તો એક વિચારકે ભગવાનને વિનવતાં કહ્યું "પ્રભુ.... મારે સંપતિ ન જોઇએ... સન્મતિ જોઇએ. સંપતિ વિના સન્મતિ ચાલી શકે. સન્મતિ વિના સંપતિ હરગીજ ન ચાલે.

સૂર્ય નારાયણની સામે ધૂળ ફેંકનારનાં જ તન બદન ગંદા થતા હોય છે. પરંતુ દુર્જનો આ સત્યને સ્વીકારવા ક્યારેય તૈયાર નથી. સાધુઓએ સાધના આરંભી, સિદ્ધી - મોક્ષની પ્રાપ્તિ માટે નહિ. તપસ્યા પ્રારંભી પણ કર્મનાશ માટે નહિ, જાપ શરૂ કર્યો પણ ભગવાનની ભક્તિ માટે નહિ, ધ્યાન ચાલુ કર્યું પણ મનશુદ્ધિ માટે નહિ. આશયની વિકૃતિ સાથે સાધના પણ વિકૃત બની ગઇ. ભૈરવદેવની પ્રસન્નતા

માટે તાંત્રિક - માંત્રિક - યાંત્રિક પ્રયોગો ચાલુ થયા અને અંતે ભૈરવદેવ હાજર હજુર થયા.

"શાને યાદ કર્યો મને મુનિઓ...! જે હોય તે કહી દો." "આચાર્ય હેમવિમલ સૂરીના સાધુઓને નષ્ટ કરી દો, ખતમ કરી દો."

કડવામતી સાધુઓના આ આદેશને સાંભળીને બે ક્ષણ તો ભૈરવદેવ પણ આશ્ચર્ય ચકિત થઇ ગયા. આટલી નિમ્નકક્ષામાં ઉતરી પડયા આ સાધુઓ....! પોતાની માન્યતાઓની વિપરીત માન્યતાઓવાળા તરફ આટલો બધો ખતરનાક દ્વેષ...! અને આવા રાગ, દ્વેષ વચ્ચે સાધુતા...! પણ માંત્રિક શક્તિતથી બંધાયેલ ભૈરવદેવ 'તથાસ્તુ' કહી વિદાય લીધી. સાધુઓએ હાશ શાન્તિનો શ્વાસ ગ્રહણ કર્યો.

જ્ઞાન, ધ્યાન અને તપ ત્યાગના ઓજ તેજથી દીપતા સૂરિસમ્રાટ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય હેમવિમલસૂરીશ્વરજી મહારાજા પોતાના વિશાળ શિષ્ય પરિવાર સાથે ચાતુર્માસની પૂર્ણાહુતિ થતાં આગ્રાની આસપાસનાં ક્ષેત્રોને લાભ આપીને મરૂધર તરફ વિહારનાં વહેણ માંડવા નિર્ણય કર્યો. પણ તે સાથે જ....

એક નવજુવાન મુનિવર..... માત્ર અઢાર વર્ષની ઉંમર, દેહની ડાળીએ તો હજુ યૌવનનો નવ પ્રવેશ છે, હૃદયના આંગણે હજુ તો વૈરાગ્યરંગની રંગોળીઓ નવી જ શણગારાયેલી છે, દિલના દ્વારે હજુ તો સંયમના સ્વસ્તિક તાજા જ મંડાયા છે અને આવા હજારોમાં એક મુનિવર અચાનક ચીસ સાથે ઢળી પડે છે. મુનિનો કરૂણ અવાજ સાંભળતા જ બધાં મુનિઓ દોડી આવ્યા. આચાર્યભગવંત તરત જ મુનિ પાસે પહોંચી ગયા. શ્રી સંઘના કાને સમાચાર મળતાં જ હજારો શ્રાવક શ્રાવિકાઓ પણ ઉપાશ્રયમાં આવી ગયા.

આગ્રા શહેરના રામબાણ ઇલાજ કરનારા સિદ્ધ હસ્ત વૈદ્યોએ આવીને મુનિની નાડી પરીક્ષા કરી પણ બધા સ્તબ્ધ.... રોગ પકડમાં જ આવતો ન હતો. ઔષધોપચારનો પ્રયોગ કર્યો. કિંમતી દવાઓ આપવામાં આવી પણ કોઇ અસર નહિ. મુનિની શાંતિ માટે ચતુર્વિધ સંઘમાં જાપ પણ પ્રારંભાયો છતાંયે અશાન્તિ વધતી ગઇ અને એક દિવસ... એ મુનિવરે સદાને માટે આંખો બંધ કરી દીધી.

સાથી મુનિવરની અચાનક વસમી વિદાય... ત્યાગને વૈરાગ્યના રંગમાં રંગાયેલા મુનિવરોની આંખો પણ આંસુભીની થઇ ગઇ. ખૂદ આચાર્યદેવ પણ શૂન્ય મનસ્ક બની ગયા. અચાનક આ શું બની ગયું.....! કેમ થઇ ગયું ? નખમાં પણ રોગ નહીં. કોઇને સમજાતું નથી. કોઇને આ પ્રશ્નનો જવાબ જડતો ન હતો.

શોકના મહાસામ્રાજ્ય સાથે, આ કરૂણાંતિકાની વાતો સાથે હજુ તો બે દિવસ પણ વીત્યા નથી ત્યાં જ સમુદાયના એક વિદ્વાન યુવાન મુનિરાજ પણ આજ રીતે ઢળી પડયા. શ્રમણ સંઘમાં હાહાકાર મચી ગયો. સાંજ થતા તો આ મુનિરાજ પણ સહુની વચ્ચેથી વિદાય લઇ ચૂક્યા હતા. કારણને શોધવાનો પ્રયાસ થાય એટલામાં તો ૩... ૪... ૫... ૬... ૭... ૮... ૯... ૧૦ મુનિરાજો આ રીતે મરણને શરણ બની ગયા હતા. આખા સંઘમાં ભયનું એક કરૂણ વાતાવરણ છવાઇ ગયું હતું.

સાત્વિક શિરોમણી પૂજ્ય આચાર્ય ભગવંતને આ હકીકત સમજતાં વાર ન લાગી. જરૂર આમાં કોઇક દૈવી શક્તિનો પ્રકોપ થયો લાગે છે. અન્યથા આ રીતે ૧૦-૧૦ મુનિવરો આપણી વચ્ચેથી ન જાય. ભવિષ્યની સુરક્ષાની દ્રષ્ટિએ કંઇક યોગ્ય ઉપાય શોધવો પડશે. અન્યથા સકલ સંઘ વિપરીત આક્રમણમાં અટવાઇ જશે. પૂજ્યશ્રીએ મનોમન નિર્ણય કરીને બધા મુનિવરોને બોલાવ્યા. "સાધના પ્રિય મુનિઓ.....! તમારા બધાના અંતરની અકથ્ય વેદના હું સમજી શકું છું. એક પછી એક.... લગાતાર થયેલ દશ-દશ મુનિઓના ભોગે આપણા સહુને હચમચાવી દીધા છે. મારા અંતરનો અવાજ છે. આ પરિષહ સ્વાભાવિક નથી. જરૂર દૈવીકૃત હોવો જોઇએ. આ સ્થૂલ શક્તિને પડકારવા આપણે સૂક્ષ્મ શક્તિને જગવવી પડશે. એટલે આજથી જ હું સાધનામાં સ્થિર થઇ જવા માગું છું. શાસનદેવને પ્રત્યક્ષ કરવાના છે. ગમે તે ભોગે... ગમે તે પ્રયાસે.... જ્યાં સુધી શાસનશક્તિઓ જાગે નહીં ત્યાં સુધી મારે નિર્જળા ઉપવાસ છે. આરામ હરામ છે. નિદ્રાનું નામનિશાન લેવાનું નથી અને સાધુઓ તમે પણ આ સમય દરમ્યાન તપ-જપ-સાધના ધ્યાનમાં તન-મન-પરોવી દેજો. જરૂર પ્રકાશનું કિરણ પથરાશે અને અંધકારનાં વાદળાં દૂર જશે."

જિનશાસન જ્યોતિર્ધર ધર્મધુરંધર સૂરિપુરંદરની ભીષ્મ પ્રતિજ્ઞાના આ ગંભીર શબ્દો સુણીને બધા મુનિવરોનાં નયન વિસ્ફારિત બની ગયાં. શાસ્ત્રોએ આચાર્યના ઉપર સંઘરક્ષાની જે જવાબદારી મૂકી છે, શિષ્યોના યોગ ક્ષેમનું જે કર્તવ્ય અદા કરવાનું રાખ્યું છે તેને પૂજ્યપાદશ્રી કેટલી હદે વળગી રહ્યા છે ? સહુ પૂજ્યશ્રીના દિવ્ય મુખારવિંદને નીરખી રહ્યા.

સૂર્યશા તેજસ્વી, ચંદ્રશા શીતળ, સાગરશા ગંભીર-સૂરિસમ્રાટે ઉપાશ્રયના એક અલાયદા ખંડને સાધના ખંડ બનાવી દીધો. આવશ્યક ક્રિયાઓ સાથે જપને ધ્યાનનું મંડાણ થઇ ગયું. ચતુર્વિધ સંઘ પણ પૂજ્યશ્રીની સાધનાની સફળતા માટે દિન રાત ધાર્મિક ક્રિયાઓમાં પરોવાઇ ગયો. આખા સંઘમાં લીલોતરી ત્યાગ. બ્રહ્મચર્યનું અખંડ પાલન, પરમાત્માની વિશિષ્ટ પૂજા, હજારોની સંખ્યામાં ઉપવાસ, દુકાનો સદંતર બંધ.....!

એક ઉપવાસ... બેત્રણ... પાંચ.... સાત અને દશ-દશ ઉપવાસ સુધી આચાર્યભગવંત પહોંચી ગયા છે. આખો સંઘ ચિંતિત છે. શિષ્યોમાં વેદના વધી રહી છે. આચાર્યશ્રીની આ વૃધ્ધકાયા શી રીતે આટલી કઠોર સાધનાને સહી શકશે ? જ્યારે પૂજ્યશ્રીના મુખમંડળ પર તો એક અલૌકિક આભા ને પ્રભા પથરાતી ચાલી છે. અગ્યારમાં દિવસની રાત્રે સાધના, સિદ્ધિનું સ્વરૂપ ધરી લે છે. શાસનદેવી સાક્ષાત પધારે છે.

"જિનશાસન નભોમણી....! ફરમાવો, શાને યાદ કરી છે મને ?"

"શાસનદેવી ? પ્રભુશાસનના તમે સદાય જાગૃત અધિષ્ઠાયિકા છો. પરંતુ છેલ્લા કેટલાક દિવસોથી સમુદાયના ત્યાગી તપસ્વી અનેક મુનિવરો કોઇ મેલી શક્તિને વશ બનીને મરણ શરણ બની ગયા છે. આજે પણ સ્થિતિ એવી જ છે. છતાં તમારૂ ધ્યાન આ તરફ જતું નથી. ચતુર્વિધ સંઘ ભયાક્રાન્ત છે... કહો તમે, આ ઉપદ્રવ કોણ કરે છે ? શાથી શાન્ત થશે ?

'ભગવન ! શાંત થાઓ, મારા અપરાધને માફ કરી દો. આ ઉપદ્રવની પાછળ દૈવી શક્તિ છે અને દૈવીશક્તિને પ્રેરિત કરનાર માનવીય શક્તિની મંત્ર સાધના છે. આપ ચિન્તા ન કરો. આપ આવતી કાલે સવારે અહીંથી વિહાર કરો... ગુજરાત નજીકમાં જ છે. ગુજરાતના પાલનપુરની નિકટ પધારતાં આપને એક અદ્ભૂત શક્તિધારી મળશે. આપના પ્રભાવક પુણ્યે અને એ શક્તિધારીના સાહસે આ ઉપદ્રવ શાન્ત થઇ જશે."

ભવિષ્યના ભાવ ભાખીને અધિષ્ઠાયિકા - શાસનદેવી અદૃશ્ય બની અને તે સાથે જ પૂજ્યશ્રીએ પણ પોતાની સાધનાની ઈતિશ્રી કરી. ધ્યાન ધારીને તેઓ નીચે પધાર્યા. સહુ શિષ્યો જુદી જુદી સાધનામાં જાપમાં ધ્યાનમાં સ્થિર બન્યા હતા. શાસનપ્રેમી પોતાના આ ઉદાત્ત શિષ્યોની મહાનતા જોઇને સૂરિવરના હૈયામાં અપાર પ્રસન્નતા છવાઇ. અગિયાર દિવસના ઉપવાસ છતાં એજ વાત્સલ્યભાવે પૂજ્યશ્રીએ કહ્યું 'શ્રમણો....! શાસનદેવીના માધ્યમથી ઉપદ્રવનું કારણ સમજાઇ ગયું છે. પરંતુ તેનું નિરાકરણ ગુજરાત પ્રવેશ પછી જ થશે. તેથી આવતી કાલે જ આપણે અહીંથી ગુજરાત તરફ વિહાર લંબાવવાનો છે.

'ગુરૂવચનતહત્તિ'ના નિર્ઘોષ સાથે સહુ શિષ્યો પ્રસન્ન ચિત્તે ઊભા થઇ ગયા. મહાન ગુરૂવરના ચરણોમાં નતમસ્તકે વંદન કર્યું અને સહુ પ્રતિક્રમાણાદિ ક્રિયા કરીને વિહાર માટે તૈયાર થઇ ગયા. શ્રી સંઘના આગેવાનોને બોલાવીને પૂજ્યશ્રીએ માર્મિક શબ્દોમાં બધી વાત કરી દીધી, અને જ્યાં સુધી ઉપદ્રવનું સંપૂર્ણ નિવારણ થયાના સમાચાર ન મળે ત્યાં સુધી બધાએ તપ જપાદિ આરાધના ચાલુ જ

રાખવાની છે. એવી સૂચના પણ કરી.

વિહાર-યાત્રા પ્રારંભાઇ ગઇ. આચાર્યશ્રીના નેતૃત્વ નીચે મુનિભગવંતો ઉત્સાહભેર આગળ આગળ વધવા માંડયા. જલદીથી ગુજરાતમાં પ્રવેશ કરવાનો છે. ઉગ્રવિહાર થવા લાગ્યા. શ્રી સંઘના જોશીલા ૫૦ નવયુવાનો પણ આ યાત્રામાં જોડાઇ ગયાં હતા. પાલનપુરથી આગળ વધ્યા મગરવાડાના એ જ વનક્ષેત્રમાં પૂજ્યશ્રી આદિ શ્રમણ ભગવંતો પધારી ગયા. રાયણવૃક્ષ નીચે પૂજ્યશ્રીએ અઠ્ઠમતપની આરાધના કરી અને ત્યાં જ ધ્યાનસ્થ બની ગયા.

જય શત્રુંજ્ય ધ્યાનથી માણેકચંદમાંથી શ્રી માણિભદ્રાવીર બનેલા વ્યંતરેન્દ્ર પોતાના સિંહાસન પર બિરાજમાન છે. અદ્‌ભૂત તેમનો વૈભવ છે, કમનીય તેમની કાન્તિ છે, વિશાળ તેમનો પરિવાર છે. ચાલો આપણે માણિભદ્ર ઇન્દ્રનો એક બાહ્યપરિચય જોઇએ.

પરમ પ્રભાવશાળી શ્રી માણિભદ્ર વીર વર્ણ એમનો શ્યામ છે. પણ સહુને લાગે છે સોહામણો મસ્તક પર તેજસ્વી લાલવર્ણનો મુકુટ તેજ લિસોટા પાથરી રહ્યો છે. મુખ ઉપર મંદિરનો આકાર બનેલો છે અને દ્રષ્ટિ આ મંદિરની સૃષ્ટિને નીહાળી રહી છે. મંદિર શ્રી સિધ્ધાચલજીનું પ્રતિક છે. દિન રાત તેનું જ ધ્યાન છે. ત્રિશુળ, ડમરૂ મુદગર અંકુશ અને નાગનાં ચિન્હ સાથે છ ભુજાઓ દીપી રહી છે. શ્વેતરંગના ઐરાવણ હાથી પર કાળા રંગના માણિભદ્રની પ્રતિભા કોઇ ઓર લાગે છે. બાવન વીર અને ચોસઠ જોગણી તેમની સેવામાં તદાકાર બની છે. વીશ વીશ હજાર સામાનિક દેવતાઓની મધ્યમાં માણિભદ્રનો પ્રતાપ ઝળાહળાં થઇ ઊઠે છે. દેવાંગનાઓના નૃત્યને દેવતાઓના સંગીતે વાતાવરણ સંગીન બની રહ્યું છે અને આવા અદ્‌ભૂત અનોખા ને અલૌકિક મહાસામ્રાજ્ય વચ્ચે બિરાજેલા શ્રી માણિભદ્રવીરનું રત્ને મઢયું સ્વર્ણ સિંહાસન અચાનક ચલિત બની જાય છે. અણચિંતવ્યા આ બનાવે આખી સભામાં સન્નાટો છવાઇ જાય છે. સેનાપતિ દેવતાઓ તાતી તલવારો સાથે ધસી આવે છે. અંગરક્ષક દેવો શ્રી માણિભદ્રને ચોતરફથી ઘેરી વળે છે.

અપાર આશ્ચર્ય વચ્ચે શ્રી માણિભદ્રવીર પોતાના વિશિષ્ટ જ્ઞાનનો ઉપયોગ મૂકે છે અને એ જ્ઞાનમાં લાધેલા વિજ્ઞાને તેઓ તરત જ સિંહાસનનો ત્યાગ કરીને ઊભા થઇ જાય છે. કોઇને કંઇ સમજાતું નથી. સ્વામીના મોં પર આવતાં જતાં બદલાતાં વિભિન્ન ભાવોને જોઇને સહુના મનમાં શંકાઓ કુશંકાઓ ફેલાતી જાય છે.

'મારા વહાલા સાથીઓ ! જેમની પાવની પ્રેરણાને ઉત્તમ ઉપદેશે મારા જીવનમાંથી અંધકાર ઉલેચાયો અને પ્રકાશ પથરાયો. દુર્ગતિના પથથી દૂર કરીને સદ્‌ગતિના રાહે જેમણે મને ચઢાવ્યો. એ પૂજ્ય પ્રવર ગતજન્મના મારા

અનંતોપકારી આચાર્ય ભગવંત શ્રી હેમવિમલ સૂરીશ્વરજી મહારાજ મારા મૂળસ્થાને પધાર્યા છે. ધ્યાનસ્થ બન્યા છે. કોઈ અગમ્ય ચિંતાના એંધાણ દેખાઇ રહ્યા છે. એમના ચહેરા ઉપર મારે જવું છે... શીઘ્ર જવું છે... એ તારકના ચરણોમાં... માનવ કલ્પનાયે ન કરી શકે એવી, અકલ્પનીય શક્તિઓના સ્વામી દેવાત્માઓ હોય છે. મનમાં ચિંતન થયું. મગરવાડાના જંગલમાં જવા માટે... અને તે સાથે જ માણિભદ્રવીર ગુરૂવરના ચરણોની સામે અત્યંત વિનમ્ર બનીને પહોંચી જાય છે. ધ્યાનસ્થ ગુરૂદેવને વંદન કરીને અપરંપાર ભક્તિભર્યા હૃદયે શ્રી માણિભદ્ર ઇન્દ્રે અભ્યર્થના કરી.

'ઓ ઉપકારી ગુરૂભગવંત ! આંખ ઉઘાડો... આપની અમિયભરી નજરે સેવકને નિહાળો.'

મધુરશબ્દો શ્રવણે આચાર્યદેવે પોતાની આંખો ખોલી ઓહ.....! સામે એક અદ્દભૂત તેજપુંજ ભર્યો વ્યક્તિ ઊભો છે. જીવનમાં આવું દશ્યને આવો વ્યક્તિ પ્રથમવાર જ જોવામાં આવ્યો હતો. સૂરિપ્રવરે ધર્મલાભના દિવ્યાશીર્વાદથી ઇન્દ્રને પ્રસન્ન કર્યા. 'ભગવંત આ સેવકને પીછાણો છો ? ઓળખ પડે છે ? 'તમારા રૂપ સ્વરૂપથી દેખાય છે, તમે જરૂર એક દેવાત્મા છો' 'પ્રભો ! આવો પરિચય નહીં, ગતજન્મનો પરિચય સમજાય છે ?

સૂરિપુરંદર આ દિવ્ય પ્રભાવવંતી શક્તિનાં સાંગોપાંગ દર્શન કરતા જ રહ્યા, વિચારતા રહ્યા. ત્યાં જ શ્રી માણિભદ્ર ઇન્દ્રે કહ્યું "ગુરૂદેવ ! આપનો અદકો શિષ્ય હું માણેકશાહ. આપની પ્રેરણાનાં અમૃતપાન કરીને, નિર્જળા ઉપવાસ સાથે સિધ્ધાચલજીને ભેટવા હું જઇ રહ્યો હતો. જે સ્થળે આપ બીરાજમાન છો ત્યાં જ ચોરોએ મને મરણ શરણ બનાવ્યો પરંતુ આપની મહતી કૃપા અને તીર્થાધિરાજના સદ્દ ધ્યાનથી હું વ્યંતરનિકાયમાં શ્રી માણિભદ્ર નામનો ઇન્દ્ર બન્યો છું. આ બધો પ્રભાવ આપનો જ છે. ફરમાવો, મારા યોગ્ય જે કોઇપણ આદેશ હોય....'

માણેકશાહ થયા માણિભદ્ર લગભગ સમાન નામ અને સરખી રાશિ. શ્રી સિદ્ધચલજીનો જીવતો જાગતો પ્રભાવ કે જેની યાત્રા તો દૂર જેના માત્ર ધ્યાનથી પણ નર દેવ બની જાય છે.

ઇન્દ્રરાજ....! મને પ્રસન્નતા છે કે તમે દેવેન્દ્ર બન્યા છો. આવા ઉચ્ચપદે પ્રતિષ્ઠિત થયા પછી સમ્યગ્રદર્શનની નિર્મળતા અને પરમાત્માની ભક્તિમાં તન મનને એવાં જોડી દો કે આગામી ભવે તમારી મુક્તિ થાય.

'પ્રભો ! આપના આશીર્વાદથી મારી મુક્તિ જલદી થાય એવું હું પણ ઇચ્છું છું.'

'માણિભદ્ર ઇન્દ્ર ! હવે મૂળવાત પર જઇએ. આગ્રાથી ગિરિરાજ ભણી પ્રસ્થાન

થયા પછી અમારા સાધુ સમુદાય પર દૈવી આફતના ઓછાયા ઉતરી પડયા છે. એક પછી એક દશ દશ સાધુઓ ચિતભ્રમિત બનીને ચિરનિદ્રામાં પોઢી ગયા છે. જુઓ સામે અગિયારમાં શ્રમણની પણ વિકટ પરિસ્થિતિ, હજુ તો આની બાલ્યવસ્થા છે. કેટકેટલા અરમાન ભર્યા દિલે એણે સંયમના સામ્રાજ્યમાં પ્રવેશ કર્યો છે. પણ આજે આ સ્થિતિ જોતા અમારૂ અંતર પણ દ્રવી ઉઠે છે, કકળી જાય છે." ઇન્દ્રરાજ ! તમે તમારા જ્ઞાનથી આપત્તિનું મૂળકારણ શોધીને તેનું નિરાકરણ કરો.'

'ભગવંત ! આપ નિશ્ચિત રહો. આજે જ વિઘ્નો દૂર થઇ જશે. અવધિજ્ઞાનના અજવાળે શ્રી માણિભદ્ર વીરે જોયું આ ઉપદ્રવ કરનાર અન્ય કોઇ નથી. મારી સેનાના જ મારા સેવક કાળા ગોરા ભૈરવદેવ છે. માણિભદ્રે ભૈરવોને બોલાવીને કહ્યું ભાગ્યશાળીઓ ? દેવતાના લેબાશમાં દાનવને પણ ન છાજે તેવા કરૂણ કૃત્યો તમે શીદને કરી રહ્યા છો ? તપ ત્યાગ સંયમથી ઓપતા આ મહામુનિઓની તો અંતરથી ભક્તિ કરવી જોઇએ. ત્યાં તમે એમને ઉપદ્રવ કરીને મરણ શરણ કરી રહ્યા છો. હવે આ પ્રવૃત્તિ છોડી દો....'

'સ્વામી ! અમે આપના સેવક છીએ. આપની આજ્ઞા માન્ય કરવી અમારી ફરજ છે. પરંતુ કડવામતી આચાર્યે અમને મંત્રશક્તિથી વચનબદ્ધ કર્યા છે તેથી આ અનુચિત પણ કાર્ય અમારાથી છોડી શકાય તેમ નથી. તે માટે કદાચ અમારે આપના કોપનું પણ ભાજન થવું પડે. આગળ વધતાં આપની સામે યુદ્ધે પણ ચડવું પડે.'

કળ જ્યાં કામ ન લાગે ત્યાં બળ પ્રયોગ જરૂરી હોય છે. શ્રી માણિભદ્ર ઇન્દ્રે પણ જોયું વચનથી કરારબદ્ધ થયેલા આ ભૈરવદેવોને પરાસ્ત કર્યા વિના મુનિપ્રવરો પરના ઉપદ્રવ દૂર થઇ શકે તેમ નથી અને તે સાથે જ શ્રી માણિભદ્રે ભૈરવોને યુદ્ધ માટે લલકાર્યા. વિવિધ શસ્ત્ર અસ્ત્ર ને બાહુબળ સાથે ભૈરવો પોતાના જ સ્વામી સામે આવી ઊભા.

બળવાનની સામે નિર્બળની લડાઇ ક્યાં સુધી ટકે ? અલ્પ સમયની લડાઇમાં જ માણિભદ્રની સામે ભૈરવદેવોએ પોતાનો પરાજય સ્વીકાર કર્યો.

'સ્વામી ! આપની સામે પરાજય પામતા અમે આપનાં શરણાગત થયા છીએ. આજથી જ મુનિઓ પરનો ઉપદ્રવ દૂર થઇ જશે. સાથે જ આમારી પણ એક વિનંતી છે જ્યાં જ્યાં આપની સ્થાપના થાય, ત્યાં આપના સેવકરૂપે અમારી પણ સ્થાપના થાય સસ્મિત વદને શ્રી માણિભદ્રવીરે ભૈરવોની પ્રાર્થના મંજુર કરી અને

તે સાથે જ અગિયારમાં બાલમુનિવરની કાયા નિરોગી બની ગઇ. તેઓ પૂર્ણ સ્વસ્થ થયા ઉપદ્રવની શાન્તિ થતાં શ્રી માણિભદ્ર ઇન્દ્રે પૂજ્યપ્રવર પ્રાતઃસ્મરણીય આચાર્ય ભગવંતના ચરણોમાં વિનમ્રવંદના કરીને કહ્યું 'ગુરૂદેવ ! જ્યાં આપ બીરાજમાન છો તે સ્થળે મારો માનવ દેહ ઢળી પડયો હતો અને હું આપના પ્રભાવથી ઇન્દ્ર બન્યો છું. આપ આ સ્થળે મંત્રાક્ષરોથી પિંડીની સ્થાપના કરો. આ સ્થાનનો મહિમા વધી જશે. તપાગચ્છની પાવનપરંપરાનાં જે જે આચાર્યો સૂરિપદની પ્રાપ્તિ પછી મારા સ્થાને આવીને અઠ્ઠમતપ કરશે તો મારૂ સિંહાસન ચલાયમાન થશે. હું શીઘ્ર નૂતન સૂરિદેવની સેવા ભક્તિમાં ઉપસ્થિત થઇશ. તેમનો ધર્મલાભ મેળવીને હું સ્વ જીવન ધન્ય સમજીશ.

પરમ શ્રધ્ધેય પૂજ્યશ્રીએ શ્રી માણિભદ્રવીરની હાર્દિક વિનંતીનો સહર્ષ સ્વીકાર કરીને તે જ સ્થળે શુભ ક્ષણે શ્રી માણિભદ્રજીના પગની પિંડીની સ્થાપના કરી અને તે સ્થાન આજે પણ શ્રી મગરવાડીયા વીરના નામે પ્રખ્યાત છે. સૂરિસમ્રાટે પિંડીની સ્થાપના કરીને શ્રી માણિભદ્ર ઇન્દ્રને જિનશાસન અધિકાષ્ઠાયકની સાથે તપાગચ્છરક્ષકની પદવી પણ ભાવભર્યા દિલે એનાયત કરી. આ પદ પામીને ઇન્દ્રે પરમ હર્ષ વ્યક્ત કર્યો.

જિનશાસનના પરમ પ્રભાવક પ્રચારક પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી શાન્તિસોમ સૂરીશ્વરજી મહારાજાએ ૧૨૧ ઉપવાસની ઉગ્ર તપસ્યા કરીને શ્રી માણિભદ્રવીરને પ્રત્યક્ષ કર્યા હતા અને તેમના કરકમલોથી જ આગલોડમાં સં. ૧૭૩૩માં મહા સુદ પાંચમના પાવન દિવસે શ્રી માણિભદ્ર વીરના ધડની સ્થાપન કરવામાં આવી. ઉજ્જૈનમાં તેમના મસ્તકની પૂજા થવા લાગી. આજે ગામે ગામમાં શ્રી માણિભદ્રની પૂજા જિનાલયોમાં થઇ રહી છે.

ધન્ય જીવન....ધન્ય કવન....

ધન્ય તપાગચ્છ રક્ષણહાર....

ધન્ય એકાવતારી તું વીર સાચો....!

## શ્રી માણિભદ્રદેવની સાધના :

૧. શ્રી માણિભદ્રવીર જે પહેલા ભવે આસો સુદ ૫ ના દિવસે શત્રુંજ્ય યાત્રાની પ્રતિજ્ઞા લીધી તેથી આસો સુદ ૫ ના શ્રી માણિભદ્રવીરનું મહાપૂજન (હવન) થાય છે.

૨. જે દિવસે આગલોડમાં સ્થાપના થઈ તે મહા સુદ ૫ નો દિવસ છે.

૩. ત્રીજો અખાત્રીજનો દિવસ અતિ મંગળરૂપ હોવાથી તે દિવસ પણ સાધના માટે છે.

૪. રવિ-મંગળ-ગુરૂ એ માણિભદ્રવીરના વાર છે.

૫. સુદ પાચમ, આઠમ અને ચૌદસ એ તિથિઓ વીરની સાધના માટે શ્રેષ્ઠ છે. એ તિથિએ આયંબિલનું તપ કરે અને પંચ પરમેષ્ઠિ યુક્ત શ્રી માણિભદ્રવીરના મંત્રનો જાપ કરે.

## * મંત્ર *

(૧) "ॐ असिआउसा नमः श्री माणिभद्र दिशतु
मम सदा सर्व कार्येषु सिद्धिं"

(२) ॐ नमो माणिभद्राय कृष्णपाय चतुर्भुजाय
जैनशासनभक्ताय नवनाग सहस्त्रखमाय
किंन्नर-किपरुख-गंधर्वयक्षसभूत पिशाच
सर्वशाकिनीनां निग्रहं कुरू पात्रं रक्ष रक्ष स्वाहा ।

(३) ॐ ह्रीँ श्रीँ भगवते श्री माणिभद्राय
ह्री श्री कण कण कली फट् फट् स्वाहा ।

આ મંત્રની સાધના રવિ-મંગળ કે ગુરૂવાર હોય એટલે સુદ પક્ષમાં પહેલો રવિ-મંગળ કે ગુરૂવાર હોય ત્યારે અથવા સુદ પક્ષની પાંચમ, આઠમ કે ચૌદસ તિથિ હોય ત્યારે આરંભ કરવો. એમ ૨૧ રવિ-મંગળ કે ગુરૂવારે અથવા પાંચમ,

આઠમ કે ચૌદસે આરંભ કરીને પૂર્ણ કરવા. તે દિવસે ૨૧ માળા ગણવી અને વચ્ચેના દિવસોમાં એક એક માળા ગણવી. તે દિવસે જિનેશ્વર ભગવંતના મંદિરમાં સ્નાત્રપૂજા આંગી આદિ કરવી.

એ પ્રમાણે જાપ અને તપ કરનાર અનેક સંકટોમાંથી બચી જાય છે. રોગ શોક-દુઃખ અને દારિદ્ર ટળે છે - ઇચ્છાઓ પૂર્ણ થાય છે.

શ્રી માણિભદ્રદેવ નિયમા સમકિતધારી દેવ છે. માટે જૈન ધર્મનું વિધિયુક્ત પાલન કરનારના દુઃખો ટાળવા માટે સંપૂર્ણ રીતે તે સહાયક થાય છે.

## શ્રી માણિભદ્ર દેવની સ્તુતિ

(૧)

ધારેલું સહુ કામ સિદ્ધ કરવા,
છો દેવ સાચા તમે.
ને વિઘ્નો સઘળા વિનાશ કરવા,
છો શક્તિશાળી તમે.
સેવે જે ચરણો ખરા હૃદયથી,
તેને ઉપાધિ નથી.
એવા શ્રી માણિભદ્ર દેવ તમને,
વંદું ઘણા ભાવથી.

(૨)

દેવા સુખ સમસ્ત જનને,
જે છે સદા જાગતા.
સેવાના કરનારના પલકમાં,
કષ્ટો બધા કાપતા.
સિદ્ધિ સર્વ મળે અને ભય ટળે,
આપે સદા સન્મતિ.
એવા શ્રી માણિભદ્ર દેવ નમતાં,
આનંદ થાયે અતિ.

તા. ક. : શત્રુંજયનું સંક્ષિપ્ત 'દિગ્દર્શન'માંથી ઉતારી છે.

# શ્રી માણિભદ્રનો છંદ :

સરસ વચન દ્યો સરસ્વતી, પૂજું ગુરુના પાય;
ગુણ માણિકચના ગાવતાં, સેવકને સુખ થાય. ૧
માણિભદ્રને પામીયો, સુરતરૂ જેવો સામ;
રોગશોક દૂરે હરે, નમો ચરણ શીર નામ. ૨
તું પારસ તું પોરસો, કામકુંભ સુખકાર;
સાહેબ વરદાઇ સદા, અણધારનો આધાર. ૩
તુંહી ચિંતામણિ રતન, ચિત્રાવેલ વિચાર;
માણિક સાહેબ માહરા, દોલતનો દાતાર. ૪
દેવ ઘણા દુનિયા નમે, સુણતા કરે સન્માન;
માણિભદ્ર મહોટો મરદ, દીપે દેવ વિમાન. ૫.

અડિયલ છંદ

દિપંતો જગમાંહે દીપે, પિશુનતણા દળ તુંહિજ ઝીપે;
આઠે ભયથી તુંહિ ઉતારે, નિંદા કરતા શત્રુ નિવારે. ૬
ગજમુખ દેવ મહા ઉપગારી, ઐરાવણ જેને અસવારી;
માણિભદ્ર મહોટો મહારાજા, વાજે સદા છત્રીશે વાજા. ૭
હેમ વિમલ સૂરિ સહાઇ, ક્ષેત્રપાલ જેને કાઢ્યો જાઇ;
ઇણ વેલા માણિકચ તું ઊઠચો, ભૈરવને ગુરજાથી કુટચો. ૮
માનો માણિક વચન હમારો, થેં છોડો હું ચાકર થારો;
માણિભદ્રજી વાચા માની, કાળો ગોરો કીધો કાની. ૯
પાટ ભગત પણ વાચા પાલી, વળતી સામગ્રી સહૂ વાલી;
જાલિમ માણિક બાંહે ઝાલ્યો, દેશ અઢાર જ દી અજુવાલ્યો. ૧૦
કુમતિ રોગ કરે નિકંદન, માણિભદ્ર તપગચ્છ કેરો મંડન;
ધ્યાન ધરી એકે મન ધારે, સઘળા કારજ માણિકચ સારે. ૧૧
બોલ શિર રાખે દરબારે, વસુધા કીર્તિ અધિક વધારે;
આઠમ ચૌદશ જે આરાધે, સઘળા જાપ દીવાલી સાધે. ૧૨
માણિભદ્ર પૂજે જે મહોટો, તસ ઘર કદીય ન આવે તોટો;
ભાવ થકી તુજને જે ભેટે, માણિક્ય તેના દારિદ્ર મેટે. ૧૩
ધન અખૂટ તે બહુ ધન પાવે, માણિક્ય તતક્ષણ રોગ ગમાવે;
સેવકને તું બાંહે સાહે, મહિમા થાએ મહિયલ માહે. ૧૪
જો મુજને સેવક કરી જાણે, તો માણિકચ એક વિનતિ માને;
દીલ ભરી દર્શન મુઝને દીજે, કૃપા કરી સેવક સુખ કીજે. ૧૫

### દોહા

તું વાસી ગુજરાતનો નવખંડે તુજ નામ;
મગરવાડે મોટો મરદ, કવિના સારે કામ. ૧૬
સેવકને તું શીખવે, નાયક નામ નરેશ;
જિણવિધ હું પૂજા કરૂં, હુકમ પ્રમાણ હમેશ. ૧૭
કુરો અગાડી કવિઅણા, માણિભદ્ર માબાપ;
દીલ ભરી દર્શન દીજીએ, સેવક ટાલ સંતાપ. ૧૮
માણિભદ્ર મહારાજશું, ઉદય કરે છે અરજ;
મૂલમંત્ર મુજને દીઓ, રાખો મહારી લજ્જ. ૧૯

### અડિયલ છંદ

વસુધામાં મારી લાજ વધારો, નામ ગોત્રમાં કુજસ નિવારો;
દુઃખ દારિદ્ર હરિજે દૂરે, પુત્રતણી વાંછા તું પૂરે. ૨૦
સેતાનીને તું સમજાવે, અવનિપતિ પણ ચરણે આવે;
વિઘન અનંતા રાજ નિવારે, માણિભદ્ર મુજ શત્રુ વારે. ૨૧
સઘળાં નરનારી વશ થાય, શાકિની ડાકિની નાશી જાય;
ભૂત પ્રેત તુજ નામે ભાગે, નાહર ચોર કદીએ નવી લાગે. ૨૨
મહોટા દાનવ તુંહી મરોડે, તાવ તેજરા તુંહી તોડે;
હરિહર દેવ ઘણાઇ હોઇ, કલિમાં તુમ સરખો નહીં કોઇ. ૨૩
ભાવે અડસઠ તીરથ ભેટો, ભાવે માણિભદ્રને ભેટો;
સુરપતિ મહારી અરજ સુણીજે, કવિયણને તતક્ષણ સુખી કીજે. ૨૪
તાહરી પાર ન પામે કોઇ, જાલમ વીરની જગમાં જોઇ;
દ્યો વંછિત માણિકય વરદાઇ, સેવકને ગહગટ્ટ સવાઇ. ૨૫

### કલશ છપ્પય છંદ

ગુણગાતા ગહગટ્ટ, અન્ન, ધન, કપડો આવે;
ગુણગાતા ગહગટ્ટ, પ્રગટ ઘર સંપદ પાવે;
ગુણગાતા ગહગટ્ટ, રાજ મોજ દેવરાવે;
ગુણગાતા ગહગટ્ટ, લોક સહુ પૂજા લાવે;
સુખ કુશલ આશાસફલ, ઉદય કુશલ ઇણીપરેકહે
ગુણ માણિકયના ગાવતાં, લાખ લાખ રીઝં લહે. ૨૬

ૐ હ્રીં શ્રીં ભગવંતે શ્રી માણિભદ્રાય
હ્રીં શ્રીં કણ કણ કલીં ફટ ફટ સ્વાહા.

**ઇતિશ્રી માણિભદ્રજીનો છંદ સંપૂર્ણમ્**

# સર્વ શુભ કાર્યારંભમાં મંગલ પૂજા

*** પૂજાનો મંત્ર ***

ॐ ह्रीँ श्री क्लीँश्री माणिभद्रवीराय हस्तिवाहनाय क्षेत्रपालाय
विंशति सहस्त्रदेव सहिताय सर्व जीवहिताय जलं चन्दनं
पुष्पं धूपं दीपं अक्षतं फलं नैवेधं यजामहे स्वाहा ॥

## * દુહા *

પરમપ્રભુ પરમાત્મા- મહાવીર જિનવર્ધમાન,
પરબ્રહ્મ મંગલકરા, પ્રણમું શક્તિ નિધાન. ૧
અસંખ્ય સુરાસુર દેવીઓ યોગિનિ બાવનવીર;
એ સહુદાસ બની નમે, જય જય પ્રભુ મહાવીર. ૨
વિશ્વેશ્વરમહાવીરે જિન, નામથી મંગળ થાય;
મંગલની પૂજા રચું, ભક્તો મંગલ થાય. ૩
દેવગુરૂ ને ધર્મની, શ્રદ્ધાવંત નરનાર;
મંગલપૂજા ભણી સુણી, મંગલ લે નિર્ધાર. ૪
સકલકાર્ય પ્રારંભમાં, મંગલ પૂજા વેશ;
કરતાં કરાવતાં ગાવતાં, સુણતા નાસે કલેશ. ૫

**ઢાલ પહેલી**

(સહિયરે સુણીએ રે ભગવતી સૂત્રની વાણી-એ રાગ)
મંગલ કરશો રે ચોવીશ જિન જયકારી;
વિઘ્નો નિવારો રે નામસ્મરણ અઘહારી;
ઋષભ અજિત સંભવ અભિનન્દન, સુમતિપ્રભુ સુખકારી;
પદ્મ સુપાર્શ્વ જિનેશ્વર, ચન્દ્રપ્રભ હિતકારી. મંગલ. ૧
સુવિધિ શીતલ શ્રેયાંસજિણંદ; વાસુપૂજ્ય વાસુકારી;
વિમલ અનંત ને ધર્મને શાન્તિ, કુન્થુઅર અઘહારી. મંગલ. ૨
મલ્લિજિન મુનિ સુવ્રત નમિ વિભુ, નેમિ પાર્શ્વ શુભકારી;
વર્ધમાન મહાવીર મંગલકર, મંગલ કરો નિર્ધારી. મંગલ. ૩

અતીત અનાગત તીર્થંકર સહુ, પાપોદય સંહારો;
ગણધર ચૌદસે બાવન સમરૂ, મંગલ દ્યો નિર્ધારો. મંગલ. ૪
ગૌતમ ગણધર મંગલ કરશો, નામ છે મંગલકારી;
બુદ્ધિસાગર સૂરિવાચકમુનિ, ભક્તિ મંગલકારી. મંગલ. ૫

ઢાલ બીજી

(સિદ્ધચક્રવર સેવા કીજે-એ રાગ)

અરિહંત ચોવીસ પ્રભુના ભક્તો, ચોસઠ ઇન્દ્રો વિવેકજી;
અરિહંત ભક્તિા પ્રેર્યા મંગલ, કરશો નિશ્ચય ટેકી;
મંગલ કરશોજી, -સંકટને ઉપસર્ગ, વિઘ્ન હરશોજી,
નવ-ગ્રહ ને દશ દિકપાલો, પ્રભુભક્તે અહીં આવોજી;
સાધર્મિક તમે પ્રભુના ભક્તો, મંગલકારી થાવો. મંગલ. ૧
લોકપાલ તમે ઉપયોગ દેઇ, ઉપસર્ગોને નિવારોજી;
ધર્મીજનોને કરવી સહાયો, એ અધિકારી તમારો. મંગલ. ૨
શાંતિ જિનેશ્વર શાંતિ કરશો, સર્વ અશાંતિ હરશોજી;
સંઘ ચતુર્વિધ મંગલમાલા, મંગલ શાંતિ કરશો. મંગલ. ૩
દેવી સરસ્વતી લક્ષ્મી દેવી, વિદ્યાલક્ષ્મી આપોજી;
વિપ્પોસહિપત્તાણં મંત્રે-ઘર ઘર મંગલ વ્યાપો. મંગલ. ૪
ખેલો સહિપત્તાણં મંત્રે-ભક્તો શાંતિ પાવેજી;
સૂરિ મંત્રના વાસક્ષેપે, ઋદ્ધિ સિદ્ધિ સુહાવે. મંગલ. ૫
રોહિણી પ્રજ્ઞપ્તિ વજ્રાશૃંખલા વજ્રાંકુશી શુભકારીજી;
ચક્રેશ્વરી નરદત્તા કાલી, -મહાકાલી સુખકારી. મંગલ. ૬
ગોરી ગાંધારી મહાજ્વાલા, માનવી ને વૈરૂટ્યાજી;
અછુપ્તા માનસિકાદેવી, મહામાનસિકાયુક્તા. મંગલ. ૭
ગૌમુખ મહાયક્ષ ત્રિમુખ ઇશ્વર, તુંબરૂ કુસુમ માતંગાજી,;
વિજયાજીત બ્રહ્મા મનુજ સુર, ષણ્મુખ પાતાલ ચંગા. મંગલ. ૮
કિંનર ગરુડ ગંધર્વ યક્ષેન્દ્ર કૂબેર વરુણા ભ્રકુટીજી
ગોમેધ પાશ્વ માતંગ એ યક્ષો-શાંતિ સમર્પો સ્ફૂર્તિ. મંગલ. ૯
ચક્રેશ્વરી અજીતા દુરિતારી, કાલી ને મહાકાલીજી;
અચ્યુતા શાંતા જવાલા સુતારા, જિનશાસન રખવાળી. મંગલ. ૧૦
અશોકા શ્રી વત્સા ચંદ્રા, વિજ્યાઅંકુશા દેવીજી;
પન્ના નિર્વાણી અચ્યુતા ધારિણી વૈરૂટયા શુભ દેવી. મંગલ. ૧૧
અચ્છુપ્તા ગાંધારી અંબા, પદ્માવતી જયકારીજી;
સિદ્ધાયિકા મંગલકારી, દેવીઓ હિતકારી. મંગલ. ૧૨

જિનપદ ભ્રમરી વિજ્યા દેવી, સુજ્યા સહાયે આવોજી;
અજીતા ને અપરાજીતા દેવી, મુજ રક્ષા હિત લાવો. મંગલ. ૧૩
ૐ વીર વીર મહાવીર જયવીર, સેનવીર વર્ધમાનજી;
જયા વિજ્યા ને જયંતા અપરા, -જીવતા કરશો કલ્યાણ. મંગલ. ૧૪
સંઘચતુર્વિધ જૈન શાસનની, -ચઢતી નિશદિન કરશોજી;
સ્હાય અમારી વેગે કરશો, આધિ વ્યાધિ દુઃખ હરશો. મંગલ. ૧૫
ધાર્મિક વ્યાવહારિક સહુ કાજમાં, વેગે મંગલ આપોજી;
શાંતિ તુષ્ટિ પુષ્ટિ કરશો, દારિદ્ર દુઃખ કાપો. મંગલ. ૧૬
ઋદ્ધિ, સિદ્ધિ કીર્તિ કાંતિ-, આપો મંગલમાલાજી;
બુદ્ધિસાગર સૂરિશક્તિ-, વૃદ્ધિ જય દો વિશાલા. મંગલ. ૧૭

## ઢાલ ત્રીજી

(આતમ ભક્તે મલ્યા કેઇ દેવા - એ રાગ)

જિનવર મહાવીર મંગલ કરશો દુર્ગુણ પાપ નિવારો
દુર્વ્યસનોને દૂર નિવારો-, ટાળો દુષ્ટાચારો. જિનવર. ૧
અસંખ્ય સુરાસુર ઇન્દ્રાદિક, સહુ-પ્રણમે મહાવીર પાયા;
મહાવીર નામે જ્યાં ત્યાં મંગલ, મહાવીર મંગલરાયા. જિનવર. ૨
પરબ્રહ્મ મહાવીરને પ્રણમું-, મહાવીર વિશ્વના ત્રાતા;
ગૌતમ આદિ ગણધર મંગલ, કરશો શાંતિ શાતા. જિનવર. ૩
સ્થૂલભદ્રાદિક મુનિવર સર્વે, સંકટ દુઃખ નિવારો;
સંઘ ચતુર્વિધ મંગલરૂપી, કરશો વિશ્વોદ્ધારો. જિનવર. ૪
સર્વતીર્થરૂપ જૈનધર્મ છે, જ્યાં ત્યાં મંગલકારી;
ઉપસર્ગો ને વિઘ્ન ટળો સહુ, ટળો દુર્ભિક્ષ ને મારી. જિનવર. ૫
સર્વવિશ્વમાં શાંતિ થાશો, ધર્મી બનો નરનારી;
મનુષ્ય પશુપક્ષી જીવ સઘળા, શાંતિ લહે સુખભારી. જિનવર. ૬
ૐ હ્રીં ઘંટાકર્ણ મહાવીર, જાગંતો કલિકાલે;
જૈન સંઘની વ્હારે ચડતો, સ્મરણ કરે દુઃખ ટાળે. જિનવર. ૭
ૐ હ્રીં માણિભદ્રમહાવીર, જૈનસંઘ રખવાળા;
સ્મરણ કરતાં સ્હાયે આવો, કરશો મંગલમાલા. જિનવર. ૮
થાશો સુવૃષ્ટિ સર્વ દેશમાં, રોગ ઉપદ્રવ નાસો;
ધર્મી બનો જગ લોકો સર્વે, થાશો પુણ્ય પ્રકાશો. જિનવર. ૯
પુણ્યધર્મ કરવાથી મંગલ, મહાવીર આણા ધરો;
જૈનધર્મ સેવ્યાથી મંગલ, જ્યાં ત્યાં પ્રગટે અપારો. જિનવર. ૧૦

સાધુ સંતની સેવાભક્તિ, સર્વથા મંગલકારી;
પરમેષ્ઠિ મહામંત્રના જાપે, મંગલ આનન્દ ભારી. જિનવર. ૧૧
ચાર નિકાયના દુષ્ટ દેવ તે, ઉપશાંતિને પામો;
શત્રુ દુષ્ટગણ ઉપશમી જાઓ, સિદ્ધ થશો શુભકામો. જિનવર. ૧૨
પરમેશ્વર મહાવીર જિનેશ્વર, મંગલરૂપી નક્કી;
સર્વ મંગલનું મંગલ મહાવીર, એવી શ્રધ્ધા પક્કી. જિનવર. ૧૩
જ્યાં ત્યાં ચારનિક્ષેપે મંગલ, મહાવીર આનન્દકારી,
બુદ્ધિસાગર સેવાભક્તિ, સુખ પામો નરનારી. જિનવર. ૧૪

## કલશ

### આશાવરી

(અવસર બેર બેર નહીં આવે - એ રાગ)

મંગલપૂજા રચી સુખકારી, વિશ્વમાં મંગલકારી,
પરબ્રહ્મ પરમેશ્વર મહાવીર, મંગલ છે જયકારી;
ગૌતમ ગણધર મંગલ નિશ્ચય-સ્થૂલભદ્ર મંગલ ભારી. મંગલ. ૧
જૈન ધર્મ ને સંઘચતુર્વિધ-, મંગલ આનન્દકારી;
મંગલપૂજા ભણે ને ભણાવે-, મંગલ લહો નરનારી. મંગલ. ૨
સર્વસંઘમાં મંગલ ઘર ઘર, પ્રગટો વિઘ્ન નિવારે;
સર્વકાર્યપ્રારંભમાં મંગલ-, પૂજા મંગલકારી. મંગલ. ૩
મંગલ પૂજાને શ્રદ્ધાથી-, કરશે જે નરનારી;
ઇચ્છિત કાર્યની સિદ્ધિ કરશે, ફળશે મનોરથ ભારી. મંગલ. ૪
લક્ષ્મી રાજ્ય વિદ્યા દેનારી, કીર્તિસિદ્ધિ કરનારી;
પુત્રાદિક ઇચ્છિત દેનારી, પુણ્યધર્મ સુખકારી. મંગલ. ૫
પરમેશ્વર મહાવીર જિનેશ્વર, વીરપ્રભુ ઉપકારી;
શ્વેતાબંર સત્યપટ્ટ પરંપરા-, તપગચ્છ જગ હિતકારી. મંગલ. ૬
તપગચ્છ નભમણિ હીરવિજય સૂરિ જગગુરૂ પદવીધારી;
પટ્ટપરંપરા પ્રૌઢ પ્રતાપી, નેમિસાગર ક્રિયોદ્ધારી. મંગલ. ૭
સંવેગીમુનિમાં વર મહામાન્ય, ચારિત્રી ઉપકારી;
રવિસમ રવિસાગર ગુરૂ ભારી, વચનસિદ્ધ હિતકારી. મંગલ. ૮
દર્શન જ્ઞાન ચરણ ગુણધારી-ઉત્કૃષ્ટા આચારી;
ગુરૂ સુખસાગર સમતાચારી, વૈરાગી ઉપકારી. મંગલ. ૯

પેથાપુરમાં સુવિધિજિનેશ્વ, મંદિર છે મનોહારી;
તાસ પસાચે મંગલપૂજા, રચી જગ આનન્દકારી. મંગલ. ૧૦
સંવત ઓગણિશ અગન્યાએંશી, ફાલ્ગુન બુધ શુભકારી;
અજવાળી દશમી દિનપૂજા, રચી મંગલ કરનારી. મંગલ. ૧૧
દ્રવ્યભાવ સર્વ મંગલકાજે, મંગલપૂજા સારી;
બુદ્ધિસાગરસૂરિં મંગલ ઋદ્ધિ સિધ્ધિ શિવકારી. મંગલ. ૧૨

## * આરતી *

ઝમઝુમ ઝમઝુમ કરૂ આરતી માણિભદ્ર સાહેબ તોરી,
સબલ વિઘનકા નાશ કરી, ઇચ્છા પૂરી સાહેબ તું મેરી.
મસ્તક તુમારે મુગટ બિરાજે, કુંડલકી શોભા ભારી,
પાય ઘુંઘરૂં ઝમઝુમ બાજે, જિનમંદિર શોભા ભારી.
પહેલે હાથમેં ગદા બિરાજે, દુસરે હાથ ડમરૂ,
તીસરે હાથ ત્રિશુળ બિરાજે, ચોથે હાથ ઘુંઘરૂં.
ખીચડી ભાત ને રોટી, લાપસી પુરણકી પોળી,
અમૃત સાથ લેઉ મીસરી, ખીર ખાંડ ને ઘણથોલી.
ખાજાં, લાડુ, દહીંવડા ને પાપડ ને પુડી,
ઘેબર માગે સેવ સવાલાં, બદામ પીસ્તાં ચારોળી.
શ્યામ સુંદર યું કર બોલે, સુણો માણિભદ્ર સ્વામી,
તુમારે ચરણકી સેવા શોભે હો મુજને સારે નામી.

## શ્રી માણિભદ્ર વીરના હવનની વિધિ

### : સામગ્રીનું લીસ્ટ :

| | | |
|---|---|---|
| અગર | ૨૦ ગ્રામ | ચીપીયો ૧ તાંબાનો |
| તગર | ૨૦ ગ્રામ | આરતી જલ, ફળ, ઘી ગાયનું સવા શેર |
| કપુર કાચલી | ૧૦૦ ગ્રામ | સુખડના કટકા એક કીલો |
| છડ છબીલો | ૫૦ ગ્રામ | થોડા ચંદનના ટૂકડા, પીપળાના ટૂકડા |
| સુખડનું ચૂર્ણ | ૧૦૦ ગ્રામ | કરેણનાં ફૂલ ૧૨૫ |
| નાગર મોથ | ૫૦ ગ્રામ | ગુલાબનાં ફૂલ ૧૨૫ |

| | | |
|---|---|---|
| કેશરની પાંખડી | ૧ ગ્રામ | ફુલના થોડા હારો |
| અષ્ટ ગંધ | ૧ ગ્રામ | સોના રૂપાનો વરખ |
| બરાસ | ૨ ગ્રામ | વાસક્ષેપ ૫૦ ગ્રામ |
| ગોરોચન | ૧ ગ્રામ | કંકુ ૨૦ ગ્રામ |
| કપુર ગોટી | ૨ ગ્રામ | નાડાછડી, નૈવેદ્ય, અક્ષત (ચોખા) |
| બદામ | ૧૦૦ ગ્રામ | સુખડી સવા શેર |
| પિસ્તા | ૧૦૦ ગ્રામ | ગુલાબજલ |
| કાજુ | ૫૦ ગ્રામ | અંગ લુંછણા - ૩ |
| દ્રાક્ષ સફેદ | ૫૦ ગ્રામ | રોકડા રૂપિયા ૫-૨૫ |
| કોપરા | ૧૦૦ ગ્રામ | સરસવ પીળા ૧૦૦ ગ્રામ |
| અખરોટનાં બીજ | ૫૦ ગ્રામ | ઉપરાંત કુંભ સ્થાપનની સામગ્રી |
| ખડી સાકર | ૧ ૦ ગ્રામ | અષ્ટ મંગલ ચીતરેલ કુંભ |
| સફેદ સોપારી | ૧૧ નંગ | પાંચ પાન |
| લાલ સોપારી-૫ નંગ | ૫૦ ગ્રામ | અધેડાની કલમ કે દાડમની કલમ |
| ગુલાબ અત્તર | ૫ ગ્રામ | શ્રીફળ નંગ ૧ |
| ખસનું અત્તર | ૫ ગ્રામ | લાલ કે પીળું સવા ગજનું કપડું |
| ચમેલીનું અત્તર | ૫ ગ્રામ | મિંઢળ, મરડાસીંગો |
| સુખડનું તેલ | ૫ ગ્રામ | ડાંગર સવા શેર કે ચોખા સવા શેર |

| | | |
|---|---|---|
| કેશર એક વાટકી | રૂપા નાણું ૧ | |
| કોપરાનો મોટો ગોળો એક | પંચરત્નની પોટલી | દીપ |
| હવન કુંડ ૧ (એક) તાંબાનો | જીભવાળું કોડીયું | સ્થાપનનની |
| અગર ચોરસ ૧૧ ૧૧ હાથનો. | મિંઢળ મરડાસીંગ | યાદી |
| ચમચા નંગ-૨ તાંબાના | ફાનસ, સવા રૂપિયો | |

## કુંભસ્થાપનની વિધિ

(૧) જે દિવસે હવન કરવો હોય તે શુભ દિવસના મંગલ પ્રભાતે પ્રલાક્ષ પૂજા કરી સોના ચાંદીના વરખ છાપવા.

(૨) હવન કરવાના સમયે શુભ ચોઘડીયે કુંભ સ્થાપના કરવી.

(૩) લાલફૂલ કરેણના, લાડવા, પેંડા, સુખડી અને અક્ષત ચઢાવવા....

(૧) કુંભ સ્થાપનની જગ્યા ધોઇ ધૂપથી પવિત્ર બનાવી કંકુનો સાથિયો કરી તે ઉપર સવાશેર ડાંગર કે ચોખાનો સાથિયો કરવો.

(૨) કુંભ ઉપર કે અંદર નીચેનો મંત્ર કેશરથી લખવો.

**ॐ ह्रीं श्रीं सर्वोपद्रवान् - नाशय नाशय स्वाहा ॥**

(૩) પછી ચોખા, એક રૂપાનાણું અને એક સોપારી તેમાં મૂકવી.

(૪) પછી એક નવકાર, ઉપસગ્ગહરં અને મોટી શાંતિ ભણતાં કુંભને અખંડ જળધારાપૂર્વક ભરવો અને થોડો ઊંડો રાખવો તેમાં થોડું ગુલાબજળ નાખવું પણ થોડું ઊંડું રાખવું જેથી શ્રીફળ મૂકતાં પાણી બહાર નીકળે નહિ તે ધ્યાનમાં રાખીને કુંભ તે પ્રમાણે ભરવો.

(૫) પછી પાંચ પાન મૂકી તે ઉપર શ્રીફળ મૂકી, લાલ કપડું ઢાંકી, નાળાછડી, મિંઢળ, મરડાસીંગ યુક્ત કરી બાંધવો અને માથા ઉપર લઇ, ત્રણ પ્રદક્ષિણા દઇ, વાજતે ગાજતે કુંભ સ્થાપવાની જગ્યાએ આવવું.

**ॐ ह्री ठः ठः ठः स्वाहाः ।।** એ મંત્ર સાત વખત બોલી શ્વાસ સ્થિર કરી સાથીઆ ઉપર સ્થાપન કરવો, પછી વરખ છાપી, ફૂલ તથા ફૂલહાર ચઢાવીને હાથમાં કુસુમાંજલિ લઇ નીચેનો શ્લોક બોલીને કુંભને વધાવવો...

पूर्ण येन सुमेरुशृंगसदृशं चैत्यं सुदेदीप्यते,
यः कीर्ति यजमानधर्म कथन प्रस्फूर्जितां भाषते ।
यः स्पर्धा कुरुते जगत् त्रय महादीपेन दोषारिणाः,
सोऽयं मंगल रुप मुख्यगणनः कुंभश्चिरं नंदतान् ।।१।।

પછી ત્રણ ખમાસમણા દઇ અવિધિ આશાતના થઇ હોય તો મિચ્છામિ દુક્કડમ્

## દીપ સ્થાપન વિધિ

કુંભની જમણી બાજુએ એક કંકુનો સાથીઓ કરવો. ફાનસને નાળાછડી બાંધવી તે નીચેના મંત્રથી મંત્રી બાંધવી.

**ॐ ह्रीं श्रीं सर्वोपद्रवान् नाशय नाशय स्वाहा ।।**

નાળાછડીના ત્રણ આંટા ફાનસને દઇને બાંધવી.

પંચરત્નની પોટલી તથા મિંઢળ, મરડાસીંગ ફાનસના ઉપરના ભાગમાં બાંધવી. સાત નવકાર ગણી કંકુના સાથીઆ ઉપર ફાનસને મૂકવું પછી સવા રૂપિયો જળથી ધોઇ, ધૂપથી ધુપાવી જીભવાળા કોડિયામાં મૂકવો પછી નીચેનો મંત્ર બોલી, ઘી ધુપાવી, નવકાર ગણતાં થકો સ્થિર શ્વાસે કન્યા પાસે કે સુહાગન સ્ત્રી પાસે દીવામાં ઘી પુરાવવું.

ॐ धृतमायुर्वृद्धिकरं, भवति परं जैनं दृष्टि संपर्कात्
तत्संयुक्त प्रदीपः पातु सदा भावदुःखेभ्यः स्वाहा ।।१।।

પછી દીવો પ્રગટાવવાનો મંત્ર બોલવો અને દીવો પ્રગટ કરાવવો.

ॐअर्हँ पंचज्ञान महाज्योतिर्मयाय ध्वांतघातिने;
द्योतनाय प्रतिमाया दीपो भूयात् सदाऽर्हते ॥१॥

પછી ફાનસમાં દીવો સ્થાપન કરવો અને નીચેનો મંત્ર અંકુશ મુદ્રાએ દીવાની અગ્નિ શુદ્ધ કરવા માટે બોલવો.....

ટચલી અને અનામિકા બે આંગળીઓ હથેલીમાં જોડવી અને મધ્યમાને થોડી નમાવેલી રાખવી અને તર્જનિને ઊભી રાખવી એ પ્રમાણે મંત્ર બોલતાં કરવું.

ॐ अग्नेयोऽग्निकाया एकेन्द्रिया जीवा निरवद्या अर्हत्पूजायां,
निर्व्यथाः सन्तु, निष्पापासंतु, सद्गतयः सन्तु, न मे संघट्टन हिंसाऽर्हदर्चने ॥

પછી ફાનસને હાર તથા ફૂલ ચઢાવવા...

॥ ઈતિ દીપસ્થાપન વિધિ ॥

**હવનમાં બોલીઓ બોલાય તેની યાદી**

(૧) આહુતિ આપવાની (૨) ફૂલ ચઢાવવાની (૩) વાસક્ષેપ પૂજા કરવાની (૪) ઘીની આહુતિ આપવાની (૫) આરતી ઉતારવાની. ઘીની બોલીવાળાએ સ્નાન કરી પવિત્ર વસ્ત્રો પહેરી નાળાછડી બાંધવી, ચાંદલો કરી આવવું.

**(૧) ભૂમિ શુદ્ધ કરવાનો મંત્ર :**

**ॐ भूरसि भूतधात्री सर्व भूतहिते भूमिशुद्धिं कुरु कुरु स्वाहा ॥**

ત્રણવાર આ મંત્ર બોલી, વાસક્ષેપ ભૂમિ ઉપર છાંટવો (નાંખવો) અને પછી હવન કુંડને સ્થાપન કરવો. જો ઈંટોની વેદિકા હોય તો વાસક્ષેપ ઉપરનો મંત્ર બોલીને તેમ અને તે ઉપર નાંખવો... પછી હવન કુંડને કે વેદિકાને નાળાછડી બાંધવી ચાર દિશામાં કંકુના ચાર સાથિયા કરવા પછી નીચેનો મંત્ર બોલીને હવન કુંડમાં વાસક્ષેપ કરવો....

**(૨) ॐ रं श्री माणिभद्र ! संतर्पितोऽस्तु स्वाहा ।**

પછી હવન કુંડમાં ચારે બાજુ ચાર અને એક વચમાં એક પાંચ સોપારી મૂકવી. વચમાં કેશરની પાંખડીઓ, અષ્ટગંધ, બરાસ, કપુર અને સવાપાંચ રૂપિયા રોકડા મૂકી; અત્તર છાંટીને વરખ ચોંટાડવો. તે ઉપર પાંચ બદામ, પાંચ ફૂલ, પાંચ લવિંગ, પાંચ સાકરના ટૂકડા, પાંચ સુખડીના નાના કટકા તથા નૈવેદ્ય અને પાંચ કરેણનાં ફૂલ ચઢાવવા. પછી નીચેનો મંત્ર બોલીને દસ દિગ્પાલોનું પૂજન કરવું...

વાસક્ષેપ કુસુમાંજલિ દશે દિશાઓમાં નાંખતાં જવું...

ॐ इन्द्राय नमः (पूर्व) ॐ अग्नये नमः (अग्निकोणे)
ॐ यमाय नमः (दक्षिणे) ॐ नैऋत्याय नमः (नैऋत्यकोणे)
ॐ वरुणाय नमः (पश्चिमे) ॐ वायवे नमः (वायव्यकोणे)
ॐ कुबेराय नमः (उत्तरे) ॐ ईशानाय नमः (ईशानकोणे)
ॐ ब्रह्मणे नमः (उर्ध्वदिशि) ॐ नागाय नमः (अधोदिशि)

આ પ્રમાણે દશે દિશાઓ પૂજી, હવન કુંડને પીપળ તથા ચંદનના લાકડાના ટુકડાઓથી અર્ધો ભરી દેવો....

(૩) પછી પીળા સરસવને ધૂપ આપી નીચેના મંત્રથી ત્રણવાર મંત્રી ચારે બાજુ જમીન ઉપર છાંટવા...

ॐ ह्रीँ श्रीँ क्षाँ सर्वोपद्रवेभ्यः रक्ष रक्ष स्वाहा ॥

પછી છાણાના ધગધગતા અંગારા મંગાવી, તે અંગારા ઉપર કપૂર મૂકીને નીચેનો મંત્ર બોલી, શ્વાસ સ્થિર કરી, અંગારાને હવન કુંડમાં સુખડનાં લાકડાઓ ઉપર વિનયપૂર્વક મૂકવા.

ॐ अर्हँ पञ्चज्ञान महाऽग्निमयाय ध्वांत घातिने द्योतनाय अप्रतिमाय हवनं भूयात् सदाऽर्हते ॥

અંગારા મૂક્યા પછી નીચેનો મંત્ર બોલી હાથની હવાની અગ્નિ શુદ્ધિ કરવી.

ॐ नमो अग्नयोऽग्निकाया एकेन्द्रिया जीवा निरवद्या अर्हत्पूजायां निर्व्यथाः सन्तु निष्पापाः सन्तु सद्‌गतयः सन्तु न मे संघट्टन हिंसाऽर्हदर्चने ॥

(૪) પછી કોઇ છીંક ન કરે તે માટે ઉદ્‌ઘોષણા કરવી... પછી વજ્રપિંજર સ્ત્રોત્ર બોલવો.

ॐ परमेष्टि नमस्कारं, सारं नवपदात्मकं ।
आत्मरक्षा करं, वज्रपज्जराभं स्मराम्यहं ॥१
ॐ नमो अरिहंताणं, शिरस्कं शिरसि स्थितं ।
ॐ नमो सिद्धाणं, मुखे मुखपटाम्बरं ॥२
ॐ नमो आयरियाणं अंग रक्षातिशायिनि ।
ॐ नमो उवज्झायाणं, आयुधे हस्तयो र्द्रढं ॥३
ॐ नमो लोए सव्वसाहूणं, मोचके पादयोः शुभे ।
एसो पंच नमुक्कारो, शिला वज्रमयी तले ॥४
सव्व पावप्पणासणो, वप्रो वज्रमयो बहिः ।

मंगलाणं च सव्वेसिं, खादिराङ्गार खातिका: ||५
स्वाहान्तं च पदं ज्ञेयं पढमं हवइ मंगलम् |
वप्रोपरि वज्रमयं, पिधानं देहरक्षणे ||६
महा प्रभावा रक्षेयं, क्षुद्रोपद्रवनाशिनी |
परमेष्ठिपदोद्भूता, कथिता पूर्व सूरिभि: ||७
यश्चैवं कुरूतेरक्षा परमष्ठिपदै: सदा |
तस्य न स्याद्‌भयं व्याधिराधिश्चापि कदाचन

પછી ૧ નવકાર ગણવો. પછી ઉવસગ્ગહરં સ્તોત્ર ૧ વાર બોલવું પછી ગ્રહશાંતિ સ્તોત્ર ભણવું. તે આ પ્રમાણે :-

जगद्‌गुरुं नमस्कृत्य, श्रुत्वा सद्‌गुरूभाषितम् |
ग्रहशांतिं प्रवक्ष्यामि, लोकानां सुख हेतवे ||१
जिनेन्द्रै: खेचर ज्ञेया:, पूजनीया विधिक्रमात् |
पुष्पै: विलेपनैर्धूपै-र्नैवेद्येस्तुष्टि हेतवे ||२
पद्‌मप्रभस्य मार्तंड-श्चन्द्रश्चन्दप्रभस्य च |
वासुपूज्यो भूमिपुत्रो, बुधोऽप्यष्टजिनेषु च ||३
विमलानंत धर्मारा:, शांति: कुंथुर्न मिस्तथा |
वर्धमानस्तथैतेषा, पादपद्‌मे बुधं न्यसेत् ||४
ऋषभाजित सुपार्श्वा-काभिनंदन शीतलौ |
सुमति: संभव स्वामी, श्रेयांसश्चैषु गीष्पति: ||५
सुविधै: कथित: शुक्र:, सुव्रतस्य शनैश्चर: |
नेमिनाथे भवेद् राहु:, केतु: श्री मल्लि पार्श्वयो: ||६
जन्म लग्ने च राशौ च, यदा पीडंति खेचरा: |
तदा सम्पूजयेद्धीमान् खेचरै: सहितान् जिनान् ||७

પછી 'તિજય મહુત્ત સ્તોત્ર બોલવું. એકવાર પછી નીચેનું શ્રી માણિભદ્ર વીરનું સ્તોત્ર બોલવું.

**: श्रीमाणिभद्रवीर स्तोत्र :**

माणिभद्रं सुरै: पूज्यं, निर्जरं सौभाग्यदायकम् |
भद्र सम्पादकं नित्यं, द्रव्यार्थ समुपास्महे ||१
स्वर्गाद् भक्तजनं विलोक्य, वरदोऽभेद्धेमसूरीश्वरम् |
धर्मस्यात्यकरोत्प्रचारममल विश्वे समस्ते तु य: ||
स्वायत्तीकृतवान् गुणोधविभवैर्मोहम्मदीयाधिपान् |

तस्य श्री माणिभद्रपाद युगलं ध्याये सुरैरर्चितम् ।।२
स्वर्गात्तु यं भक्तजनं निरीक्ष्य, वरः प्रदत्तः किलहेमसूरिम् ।
धर्मोपदेशः भुवने प्रदत्तः तं माणिभद्रं शिरसा नमामि ।।३
समागत्य स्वर्गात् त्रिभुवनपतिश्वार्त्तशरणो ।
वरेणोदामेनामृतरसरसितैर्मञ्जुवचनैः ।।
तुतोषादौ सूरि विमल चरितं हेमविजयं ।
नमस्तस्मै भक्तया सुखद मणिभद्राय शिरसा ।।४
जनित धार्मिक विघ्नघटाशने ! सुरपते ! करुणावरुणालय ।
हृदयवांछित सिद्धकर प्रभो ! वितर मे माणिभद्र ! शिवंवरम् ।।५
भूत प्रेतो डाकिनी शाकिनी वा, दुष्टा देवा राक्षसा व्यंतराश्च ।
नाम्ना यस्याऽऽयान्ति शांतिनितान्तं, तत्देवेशं माणिभद्रं नमामि ।।६
तपागच्छ रक्षाकरं जैनधर्मे, नवोज्जीवनस्याभिकर्त्तारमीशं ।
प्रभामण्डलोद्भासिवक्त्रं विशालं, दयासागरं माणिभद्रं नमामि ।।७
आरोहणैरावणपृष्ठभागो, विराजमानं विधुकान्तिकान्तम् ।
वरप्रदातारमनन्तवीर्य, श्री माणिभद्रं शिरसा नमामि ।।८
श्रद्धास्त्रोतः स्राविणै यस्य नित्यं, सेवालग्नौ भैरवौ कृष्णागौरौ ।
तं विघ्नालिध्वंसकं पूज्यपादं, भक्तयुदेकान्माणिभद्रं नमामि ।।९
वाराहवक्त्रेण सुशोभमाम-मेरावणरुढमनके शक्तिम् ।
सर्वेश्वरं भद्रकरं वेरेण्यं, श्री माणिभद्रं शिरसा नमामि ।।१०
योगिन्यश्च समे वीराः सेवायां यस्य नित्यशः ।
विद्यमानास्तथाभुतं माणिभद्रं नमाम्यहम् ।।११
गुर्जरेऽथे मरौ प्रथमोऽभवत्, सकलमानव पूज्यतरः प्रभुः ।
रविशशिदिधितिदीप्तिमुखश्च, तं भयहरं माणिभद्रमहं भजे ।।१२
त्रैलोक्यकीर्ति सुरवृन्दवन्द्यं, यथेष्टसिद्धि प्रदमीशमाद्यम् ।
बद्धाञ्जलिभक्तयुतौ नितान्तं, भजाम्यहं चेतसि माणिभद्रम् ।।१३
सर्वामरैः सिद्धिजयाऽभिलापैः साध्वर्च्यते यस्य पादारविन्दम् ।
तन्देवदेवेशमनन्तभक्तया नमामि वीरं ननु माणिभद्रम् ।।१४
हिन्दुसिक्खमता मुहम्मदमता वे पारसीयास्तथा ।
इशाइतमतमागताश्च पुरुषास्त्वेऽपि वै पन्थिनः ।
श्रद्धाभावमुपागतास्तु परमं यस्योदगुणेष्वक्षयं,
तं वन्देऽखिललोकमान्य विभवं श्री माणिभद्रं प्रभुम् ।।१५

यस्य प्रसादाज्जगदीश्वरस्य, नित्य मनोवांच्छितसिद्धिरस्तु ।
भवाम्बुधौ मंगलमातनोतु, माणिभद्रः सुखशांतिदाता ।।१६
वन्धापि या भक्तमवेत्य सम्यक, ध्यानं करोतीह सुताप्ति हेतुम् ।
सुतं प्रयच्छत्यतिकान्तियुक्तं, तस्यै दयालुः किल माणिभद्रः ।।१७
गजाश्वसिंहेरतिभीतिभीतः तथा भजद् वृश्चिक सर्प दष्टः ।
रोगैरनेकैरभि पीडितो वा, सदा सुखार्थं भुवि माणिभद्रम् ।।१८
हे देव मे जन्म गतान्यमूनि, दुःखानि दूरी कुरु सर्वथैव ।
त्यदीयपादाम्बुज सेवयैव, यास्यामि मोक्षं ननु माणिभद्र ।।१९
न मे सखा भुमितलेऽस्ति, कश्चित् त्वत्तः परो मोहविनाशहेतुः ।
त्यक्तवा क्व गच्छामि भवन्तमेव, न मे गतिः क्वाऽपि तु माणिभद्र ।।२०
सुतार्थी भजेत्पुत्रलाभाय नित्यं, गदार्त्तश्च नैरोग्यमाप्तुं मनुष्यः ।
मुमुक्षुस्तु मोक्षाय मोक्षैकहेतुं, धनार्थीधन प्राप्तये माणिभद्रम् ।।२१
राज्येऽभि सम्मानकरः कृपालुः कारागृहात् बन्धनमुक्त हेतुः ।
देवः परो नास्ति वर प्रदाता, श्री माणिभद्रादिह विश्व मध्ये ।।२२
स्यच्छ प्रभामंडलशोभि, विश्वं विश्वैकनाथं नवमंजुलाभम् ।
भद्रार्णव विघ्नहरैकहेतुं नमामि देवार्चित माणिभद्रम् ।।२३
यशोवित्त विद्या प्रदातारमीडयं, जगदवंदनीयं तपागच्छनाथं,
पवित्रव्रतं सर्वदाऽहं स्मरामि दयाम्भोनिधि माणिभद्राख्यदेवम् ।।२४
लक्ष्मीसागरसूरि पूज्य चरण शिष्यो भवत्तस्य वै ।
योग्योभोज निधिर्गुणी समभवत् विख्यात कीर्तिक्षितौ ।
तद् वंशे किल कीर्तिसागर इति प्राभुत्तपागच्छक,
लब्धं विश्वतलैर्गुणैर्निजभवैः स्थानं ह्युपाध्यायकम् ।।२५
चतुर सागर निर्मितमस्ति यत्-स्तवनमाशुफल प्रदमब्दयत् ।
प्रतिदिनं यदि भक्तयुतः पठेत् मनसि वांछितमस्तु प्रपूरितम् ।।२६
शरखगांक निशाकरवत्सरे, चतुर सागर निर्मित संस्तवम् ।
पठति यः सततं सुपवित्रितः, स लभते भुवि वांछितमद्भुतम् ।।२७

તા. ક. : આ સ્તોત્ર બોલવું અને જો ન આવડે તો ગમે તે માણિભદ્રજીનો બીજો છંદ બોલશે તો ચાલશે.

આ છંદ કે સ્તોત્ર બોલતા પહેલાં તે સમયે હવનવિધિમાં આવેલ બધાય મહાનુભાવોએ ઊભા થઇ જવું અને સ્તોત્ર કે છંદ પૂર્ણ થયા પછી નીચે લખેલ મંત્ર છે તેમાં એક મોટો છે અને એક નાનો છે તે બન્નેમાંથી જો સમય હોય તો મોટો મંત્ર બોલતાં આહુતિ ૧૦૮ આપવી. નહિતર નાનો મંત્ર છે, તે મંત્રની ૧૦૮ આહુતિ આપવી.

દરેક આહુતિમાં એકવાર આખો મંત્ર બોલાય ત્યારે મંત્રના અંતે સ્વાહા આ શબ્દો બોલાય ત્યારે હવનકુંડમાં વચ્ચોવચ્ચ એક આહુતિ આપવી અને ઘીવાળાએ ઘી હોમવું. ફૂલ ચડાવનારે ફૂલ ચડાવવું. મૂર્તિ ઉપર વાસક્ષેપવાળાએ વાસક્ષેપ ચડાવવો. ધૂપદીપ કરવો, થાળી વગાડવી અને ફરીથી બીજી આહુતિ પણ એ જ પ્રમાણે કરવી. ૧૦૮ વાર એમ કરવી.

### આહુતિ આપતાં પહેલાં :

| | |
|---|---|
| ॐ ह्रीँ श्री माणिभद्रदेव सपरिवारेण अत्र आगच्छ २ | (આહ્‌વાન મુદ્રાથી) |
| ॐ ह्रीँ श्री माणिभद्रदेव तिष्ठ तिष्ठ ठः ठः | (સ્થાપન મુદ્રાથી) |
| ॐ ह्रीँ श्री माणिभद्रदेव मम संनिहितो भव भव | (સંનિહિત મુદ્રાથી) |
| ॐ ह्रीँ श्री माणिभद्रदेव पूजान्तं एव अत्रैव स्थातव्यं | (સંનિરોધ મુદ્રાથી) |
| ॐ ह्रीँ श्री माणिभद्रदेव परेषां अदिक्षितग्नाम् दश्य भव | (અવગુંઠન મુદ્રાથી) |

આ મંત્રોપચાર પૂજા કર્યા પછી આહુતિ ચાલુ કરવી. તેનો મંત્ર નીચે પ્રમાણે :

આહુતિનો નાનો મંત્ર :

ॐह्रीँ श्री माणिभद्राय पूर्णभद्रय दः दः ह्रीँ सः सः स्वाहा ।।

આહુતિનો મોટો મંત્ર :

ॐ ह्रीँ श्री माणिभद्र इन्द्र ! सर्व मंगलकारकः ।
प्रत्यक्ष दर्शनं देहि, मच्छद्धा प्रीति-भक्ततः ।।१
विधा देहि धन देहि पुत्रं च पुत्रिकाम् ।
कीर्ति देहि यशोदेहि, प्रतिष्टां देहि च स्रियम् ।।२
सर्व मे वांछितं देहि, सुखं शांति प्रदेहि मे ।
वादे विवादे युद्धे च, जयं मे कुरू सर्वतः ।।३
राज्यं चं राज्यमानं च, बलबुद्धिं प्रबद्धय ।
गर्भस्थ बालकं रक्ष, रोगेभ्यो रक्ष बालकान् ।।४
अधिं व्याधिं विपत्तिं च, महाभीतिं विनाशाय ।
घातकेभ्यश्च मां रक्ष, रात्रौ दिवा च सर्वदा ।।५

अपमृत्यु प्रयोगाणां, नाशतो रक्ष मे सदा ।
दैवी सँकटतो रक्ष, आकस्मिक विपत्तितः ॥६
शाकिनी भूत वैतालतु, राक्षसांश्च निवारय ।
वने रणे गृहे ग्रामे, रक्ष राज्य सभादिषु ॥७
इष्ट सिद्धिं महा सिद्धिं, जय लक्ष्मीं विवर्द्धय ।
तपागच्छ-नायकं ॐ ह्रींश्री माणिभद्रवीरं ॥८
नमोस्तु ते मम शांतिं तुष्टिं पुष्टिं ऋद्धिं वृद्धिं ।
सिद्धिं समृद्धि वश्यं रक्षांच, कुरू कुरू स्वाहा ॥९

સર્વ સુખ અને શ્રેષ્ઠફળ આપનારી સર્વસિદ્ધ સમૃદ્ધિદાયક એકસો આઠ (૧૦૮)મી આહુતિ પૂરી થયા પછી ઘીનો ભરેલો નાળિયેરનો ગોળો હાથમાં લઇ એક નવકાર, એક ઉવસગ્ગહરં અને મોટી શાંતિ બોલવી. મોટી શાંતિમાં જ્યારે **"ॐस्वाहा ॐ स्वाहा ॐ श्री पार्श्वनाथाय स्वाहा"** બોલાય ત્યારે તે ગોળો ચીપીયાથી પકડી હવનકુંડમાં વચ્ચોવચ્ચ સીધો મૂકવો.

મોટી શાંતિ પૂર્ણ થયા પછી જ્યાં લગી હવનકુંડમાં અગ્નિની જ્વાલાઓ શાંત ન થાય ત્યાં લગી શ્રી માણિભદ્રવીરના સ્તોત્રો, છંદો કે ગુણગાન ગાતા રહેવું. અગ્નિ શાંત થાય ત્યારે આહુતિ આપનારે બન્ને હાથમાં સુગંધિત કરેલો ગુલાબજલનો લોટો લઇને "નમોઽર્હત" જગદ્ગુરુ નમસ્કૃત્ય ગ્રહસ્તોત્ર તથા "તિજય પુહુત્ત" બોલી નીચેનો મંત્ર બોલવો જ્યારે મંત્રના અંતિમ પદો "સર્વ સ મિહિતં દેહિ દેહિસ્વાહા" બોલાય ત્યારે શ્વાસ સ્થિર કરી વિનયપૂર્વક લોટામાં રહેલું ગુલાબજલ ધીરેથી હવનકુંડમાં પધરાવી દેવું.

અસ્મિન્ - જંબૂદ્વિપે - દક્ષિણાર્ધ - ભરતે - મધ્યખડે - અમુકદેશે - અમુક નગરે - અમુક સ્થાને - વિક્રમાત્ - ૨૦ વર્ષે માસોત્તમ માસે અમુક માસે - અમુક શુભ પક્ષે અમુક શુભતિથૌ શ્રી-ગૃહે નિમિત્તે મહોત્સવે શ્રીશ્રીશ્રી જગત્ વંદ્ય પ્રત્યક્ષ પ્રભાવી, ચમત્કારં, ચુડામણી પ્રાતઃસ્મરણીય, તપાગચ્છ નાયક, અધિષ્ઠાયકદેવ શ્રી માણિભદ્રવીર - હવન નિમિત્તે સવિધિ સવિનય - સુગંદિત પદાર્થાશ્ચ હવન પૂજનં સ્વાહા ૐ હ્રીં કલીં શ્રીં શ્રી મગરવાડા માણિભદ્રવીર કૃપાકાંક્ષી, કૃપાનિધાન, સર્વદુઃખહર, ભોગં, સુખં યશઃ સંતતિં, ઋદ્ધિં, વૃદ્ધિં, બુદ્ધં, સિદ્ધિં, સમૃદ્ધં, આરોગ્ય, દ્રવ્યં, વ્યાપાર વૃદ્ધિં, સહકુટુમ્બસ્ય આરોગ્યં, રાજ્યસુખં, સર્વજનવશ્યં સર્વસમિહિતં દેહિ દેહિ સ્વાહા.

હવનકુંડીમાં ગુલાબજલ પધરાવી સહુએ ઊભા થઇ બન્ને હાથ જોડી ત્રણ નવકાર ગણવા, આરતી તૈયાર કરવી. આરતીને સુગંધી હાર પહેરાવવો. તિલક

કરવું અને આરતી ઉતારનારે હાર પહેરવો. પછી આરતી ઉતારવી. "જય જય માણિક દેવા" આરતી બોલાવી. દીપવિજયજી કૃત આરતી બોલવી. પછી હાથમાં ચોખા લઇને "આહ્‌વાનં નૈવ જાનામિ તથા આજ્ઞાહીનં"ના શ્લોક ત્રણવાર બોલીને વિસર્જન કરવું.

**आहानं नैव जानामि, न जानामि विसर्जनम् ।**
**पूजाविधिं नैव जानामि, त्वं गतिः परमेश्वर ।।१**
**आज्ञाहीनं क्रियाहीनं, मंत्रहीनं वं यत्कृतम् ।**
**तत् सर्व क्षमय देवा त्वंगति परमेश्वर ! ।।२**

હવનની રક્ષા થોડી થોડી દરેક દેવપ્રિય આત્માઓએ લેવી. આ પવિત્ર રક્ષાને સોનાની, ચાંદીની, સુખડની અથવા સારા કાચની શીશીમાં ભરી રાખવી. સારી જગ્યાએ મૂકવી. ગભરાટ, રોગ, શોક, દુઃખ કે ઉપદ્રવવાળાને એક રતિભર રક્ષા પાણીમાં શ્રી માણિભદ્રવીરના હવન મંત્રથી ૨૧ વાર મંત્રી પાવી, તેમની કૃપાથી અવશ્ય ફાયદો થશે. પછી પ્રભાવના કરવી. પેંડા, સુખડી કે શ્રીફ્ળની.

## આરતી

(જયો જયો મા જુગત અંબે - એ રાગ)

જય જય નિધિ, જય માણિક દેવા, જય માણિક દેવા;
હરિહર બ્રહ્મ પુરંદર, કરતા તુજ સેવા. જયદેવ જયદેવ. ૧
તું વિરાધિ વીરા, તું વંછિત દાતા, તું વંછિત દાતા,
માતાપિતા સહોદર સ્વામિ, છો પ્રભુ જગત્રાતા. જયદેવ જયદેવ ૨
હરિ કરી બંધ ઉદધિ, ફણિધર અરિઅનલા, ફણિધર અરિઅનલા;
એ તુજ નામે નાસે, સાતે ભય સબાળા. જયદેવ જયદેવ. ૩
ડાક ત્રિશૂળ ફૂલમાલા, પાસાં કુસ છાજે; પાસાં કુસ છાજે,
એક કર દાણંવ મસ્તક; તું એમ ષટ ભૂજરાજે. જયદેવ જયદેવ ૪
તું ભૈરવ તું કિંનર, તું જગ મહા દીવો, તું જગ મહા દીવો;
કામ કલ્પતરૂ ધનુ, તું પ્રભુ ચિરંજીવો. જયદેવ જયદેવ. ૫
તપગચ્છ પતિ સૂરી, ધ્યાવે તુજ ધ્યાનં, ધ્યાવે તુજ ધ્યાનં,
માણિભદ્ર ભદ્રંકર, આશા વિસરામં. જયદેવ જયદેવ. ૬

સંવત અઢારસેં પાંસઠ, શ્રી માધવ માસ; શ્રી માધવ માસ;
દીપ વિજય કવિરાયની, પૂરો સર્વ આશ. જયદેવ જયદેવ. ૭

(ઇતિ વિધિ સંપૂર્ણ)

## ૬૨ દિવાળીની રાત્રે શ્રી માણિભદ્રજીનો લઘુ હોમ

(૫) **(आहूति मंत्र)**

**ॐ ह्रीँ श्रीँ माणिभद्राय पूर्णभद्राय दः दः हीँ सः सः स्वाहा ।**

વિધિ : એક એક મંત્રે એક આહુતિ આપવી.

**હોમમાં વસ્તુની યાદી :**

(૧) ગાયનું ઘી સવાશેર, (૨) પંચમેવો-બદામ, પીસ્તાં, ચારોલી, ખારેક, દ્રાક્ષ, કાજુ, અખરોટ, ઇત્યાદિ સવાશેર લેવો, (૩) દશાંગધૂપ નવટાંક, (૪) ચંદનનાં લાકડાં, (૫) પીપળાનાં લાકડાં, (૬) નાગરવેલનાં પાન, (૭) કરેણનાં ફૂલ, (૮) દીપક, અડાયા છાણાં, (૯) કપુરની ગોટી, (૧૦) સોપારી, (૧૧) ફળ, (૧૨) નૈવેદ્ય, (૧૩) સવાશેર ઘીની સુખડી (ગોળપાપડી), (૧૪) કંકુ, એટલી વસ્તુઓ લેવી.

હવે ૯ ઇંચ ઊંડી, ૧૮ ઇંચ લાંબી, ૧૮ ઇંચ પહોળી, સમચોરસ કાચી ઇંટની વેદિકા બનાવવી, પછી સફેદ કળી ચુનાથી ધોળવી, ચારે ખૂણે અને વચમાં નાગરવેલનું પાન મૂકી તે ઉપર સોપારી અને પેંડો મૂકવો, ધૂપ દીપ કરવા. વેદિકાની અંદર વચમાં કંકુનો સાથિયો કરી તે ઉપર નાગરવેલનું પાન મૂકવું અને ઉપર સોપારી મૂકવી તથા પાન ઉપર કપુરની ગોટી મૂકવી. પાનની આજુબાજુ તથા ઉપર અડાયા છાણાં મૂકવાં. તેની આજુબાજુ ચંદનનાં, પીપળનાં લાકડાં મૂકવા, પછી ત્રણ નવકાર, ત્રણ ઉવસગ્ગહરં ગણીને ચંદનની અગરબત્તી સળગાવીને કપુરની ગોટી જોડે મૂકવી. તેથી અગ્નિ પ્રગટ થશે, પછી પંચમેવાના નાના ટુકડા કરી ઘીમાં ભેળવી અને ઊંડાં કચોળામાં ભરવા પછી હાથમાં ચાટુવો લઇને એક એક મંત્રે એક એક આહુતિ આપવી. આ બધું કરતાં પહેલાં સર્વ પ્રથમ :

**ॐ ह्री श्री माणिभद्रदेव अत्र आगच्छा, तिष्ठ तिष्ठ, आहूति गृणह गृणह स्वाहा ।।**

આ પ્રમાણે ત્રણ વાર આહ્‌વા, મુદ્રા સ્થાપન, મુદ્રા પૂજન, મુદ્રાથી આહ્‌વા

વગેરે કરવું પછી પેંડા સુખડી પાન આદિથી પૂજા કરવી. પછી આહુતિ આપવી, પછી નવ સ્મરણ ગણવાં પછી -

**आज्ञाहीनं क्रियाहीनं, मंत्रहीनं च यत्कृतम्**
**तत् सर्वं क्षमय देव त्वं गति परमेश्वर ! ।।** ત્રણવાર કહેવું

**आह्वानं नैव जानामि, न जानामि विर्सर्जनम्**
**पूजा विधि नैव जानामि, त्वंगति परमेश्वर ! ।।** ત્રણવાર કહેવું

## ભુજંગ છંદને કંઈક મળતી ચાલનો છંદ

મગરવાડ મધે વીર બિરાજે, ઉજ્યણે આગલોડ અધિક નિવાજ;
પ્રતિયસ્થાને અતિ તેજ ફાવે, ભજો શ્રી માણિભદ્ર અધિક પ્રભાવે. ૧

પ્રથમ ઉત્પન્ન માલવ દેશે, તીહાંથી આવ્યા આગ્રા વિશેષે;
શ્રી શત્રુંજ્ય વીરતંત શ્રવણ સુખ પાવે, ભજો શ્રી માણિભદ્ર અધિક પ્રભાવે. ૨

વિમલગિરી મહાત્મ અભિગ્રહ લીધો, મગરવાડ આવી જીહાં વાસ કીધો;
ઉત્પન્ન શુભ ભાવે દેવલોક જાવે, ભજો શ્રી માણિભદ્ર અધિક પ્રભાવે. ૩

એકવતારી તું વીર સાચો, તપગચ્છ મંડળ ઉતંગ આછો;
તાહરૂ તેજ દેખી રવિ શશી ચમત્કાર પાવે ભજો શ્રી માણિભદ્ર અધિક પ્રભાવે. ૪

સંસાર રૂપી તું હેતુ સદાઇ, રાખો ભેખકી ટેક સદા વધાઇ;
એ અરજ માનો કરૂં ભક્તિ ભાવે, ભજો શ્રી માણિભદ્ર અધિક પ્રભાવે. ૫

બાવન વીરા સેવા કરે તાહરી, કૈઇ દેવ દેવી રમે પાયછાં હરી;
તુજ રૂપ જોતાં અદ્દભુત કહાવે, ભજો શ્રી માણિભદ્ર અધિક પ્રભાવે. ૬

મહીપતિ તું છે વડવીર મોટો, તાહરૂ ધ્યાન ધરતાં ન રહે કોઇ ટોટો;
જ્યો જ્યો વીર રોગ સોગ વિઘ્ન મીટાવે, ભજો શ્રી માણિભદ્ર અધિક પ્રભાવે. ૭

અધર્મિ દુષ્ટી મિથ્યાત્વી પાપી, તેહ તણાં નાખજે તું મૂળ કાપી;
માણિભદ્ર પૂજ્યાં શત્રુ મૂખ શ્યામ થાવે, ભજો શ્રી માણિભદ્ર અધિક પ્રભાવે. ૮

તુમ તણો દાસ દોલત કહે વિનંતી, માનજો પ્રેમસું બાવજી એ કિંમતી;
નમો નમો વીર કાર્ય સિદ્ધિ ચઢાવે, ભજો શ્રી માણિભદ્ર અધિક પ્રભાવે. ૯

# શ્રી માણિભદ્ર વીરનો છંદ

સરસ્વતિ સ્વામીણ પાય પ્રણમેવં, સુગુરુ નામ સદા સમરેવં,
ગુણ ગાઉ માણિભદ્ર વીરં, વીર માંહિ સહ સાહસ ધીરં. ૧
ઉજેણીનગરી પવિત્રં, રાજ કરે વીર વિક્રમાદિત્યં,
બાવન વીર રમોતી હાશસં, માણિભદ્ર કેરો તિહાં વાસં. ૨
ચૈત્ય નિવારણ તે તિહાં કીધં, ગોરડીયો નામે પ્રસિદ્ધં,
માને મોટા મહિપતિ રાજં, સંઘ ચતુર્વિધ સારો કાજં. ૩
કલિયુગમાંહી જાગંતો પીઠં, માણિભદ્રનો થાનિક દીઠં,
માલવદેશ માંહે વર દીધં, દુઃખ દુષ્કાળ તિહાં દૂરે કીધં. ૪
ધાણધારં દેશં પ્રસિદ્ધં, તીણ થાનિક તિહાં તીર્થ કીધં;
તપગચ્છ નાયક વિઘન નિવારં, માણિભદ્ર નામે જયકારં. ૫
મગરવાડ તિહાં તીરથ જાત્રં, નાચે ખેલે નાચે પાત્રં;
મળી સોહાગણ ગાવે ગીતં, ઓછવ મોછવ થાએ નિત્યં. ૬
ભેરી ભુંગલ સરણાઇ સાદં, વાજે વંસા નફેરી નાદં;
તાલ દદામાં નેમર દંગં, નાજ જંત્ર સારંગી ચંગં. ૭
વાજે રણસીંગા કર્ણાટિં, માણિભદ્રં થાનિક ગહગાટં;
ઠામ ઠામથી આવે સંઘં, ચંદન પુષ્પ ચઢાવે ચંગં. ૮
સૂરિ મંત્ર તણા ધરણારં, તે આવે તહારે દરબારં;
તેહને આપે બુદ્ધિપ્રકાશં, ગચ્છનાયક તે લહે સુખવાસં. ૯
ત્રિભુવન માંહે તેજ અપારં, માણિભદ્ર તું વિશ્વાધારં.
મહિયલમાંહી મેરૂસમાનં, મહામુનિવર ધરે તુમ ધ્યાનં. ૧૦
તેત્રીસ ક્રોડ દેવોનો દેવં, છપ્પન ક્રોડ કરે તુમ સેવં,
ભણે ભવાની તુજ ગુણ ગ્રામં, ચોસઠ યોગણી લહે તુમ નામં. ૧૧
જંબુ ભરત અનોપમ ઠામં, આગલોડ વસે તિંહા ગ્રામં,
વસે શેઠ વઇ વરણ અઢારં, રાજા સબલસિંહ સુખકારં. ૧૨

તસ ધરણી વીરબાઇ જેહં, ચોસઠ કળા શુભ લક્ષણ દેહં;
તસ કુખે અવતરીયો હંસં, રામસિંગ દિપાવ્યો વંશં. ૧૩
તિહાં શિખરબંધ ઉંચો પ્રસાદં, દેવલોકસુ માંડે વાદં;
સુમતિનાથ તીર્થંકર દેવં, ચોસઠ ઇન્દ્ર કરે તસ સેવં. ૧૪
પુર બાહિર એક થાનિક સારં, શિખર બંધ છે ચિત્રાકારં,
સત્તર તેત્રીશે મન ઉલ્લાસં, શાંતિસોમ રહ્યા ચોમાસં. ૧૫
નિશદિન મુનિવર રહે તુમ ધ્યાનં, કરે તપ પણ નહિ અભિમાનં;
અચલ અંબી હરં હરખી રાજં, સારે પરભવકેરાં કાજં. ૧૬
માણિભદ્ર આરાધન કીધં, એકશે એકવીસ દિન પ્રસિદ્ધ;
પ્રત્યક્ષ તેહ થયા તતખેવં, ત્રણ વચન કહે સહી મેવં. ૧૭
માગ માગ હું તુઠયો આજં, સારુ હું તુજ વાંછિત કાજં;
કહેઃ મુનિવર, સુણો ક્ષેત્રપાલં, તપ કરતાં મુજ કરો સંભાલં. ૧૮
માહિમા વાધે તુજ ઇણ ઠામં, ખટ દરસણ જંપે તુજ નામં;
માહિમા વાધે દેશ વિદેશં, શાન્તિસોમ દીયે ઉપદેશં. ૧૯
સિદ્ધવડ સરીખો છે જ્યાંહં, માણિભદ્રનું થાનિક ત્યાંહં;
જીવજંત્ર ઉગારણ હારં, તીણ થાનિક તિહાં પાલે અમારં. ૨૦
આવે સંઘ મળી બહુ સાથં, કરે વિનંતી જોડી હાથં,
ગુલપાપડી કરે સુવિચારં, લેવા આવે વરણ અઢારં. ૨૧
દીપ ધૂપ પુષ્પાદિક સારં, વધામણ દેઇ બહું નારં;
તેલ સીંદુર ચઢાવે ચંગં, કેસર ચંદન રૂડે રંગં. ૨૨
માણિભદ્ર તુ તુઠયો દેવં, વંધ્યા સુત આપે તતખેવં;
પાગુલ પાઉ તુટયા દે હાથં, ચક્ષુહીણને દે ચક્ષુ નાથં. ૨૩
તુજ નામે જાય વીખ પરમેહં, તુજ નામે પાયે નિરમલ દેહં;
વાય ચોરાશી વીસ્મા રાગં, માણિભદ્ર નામે ન હોય સોગં. ૨૪
કુષ્ટ અઢારને તે નિવારં, તુજ નામે જાયે નિરધાર;
હૈયાહોળી ને કંઠમાલં, તુ નામે થાએ વીસરાલં. ૨૫
વાયુવાળા ને વળી શૂલં, વિસ્ફોટક જાએ તે મૂલં;
વ્યાધિ શત્રુ ને સનિપાતં, તુજ નામે ન કરે ઉપઘાતં. ૨૬
કામણટૂમણ મંત્ર જંત્ર, ઔષધ જડી ને વળી તંત્રં;
સાકીન ડાકની ભૂત પ્રેતં, તુજ નામે જાએ રણ ખેતં. ૨૭
ગ્રહપીડા ન કરે દેહં, દૂરથી દોષ ટળે તતખેવં;
પુરવજ થાપે સન્મુખં, માણિભદ્ર નામે સવિ સુખં. ૨૮
મણીધર ફણીધર જે વીકરાલં, તુજ નામે થાએ ફૂલની માલં;

વાઘ સિંહ આવે દેઇ ફાલં, તુજ નામે નાસે તત્કાલં. ૨૯
ભરદરિયા માંહી તોફાનં, બેડી તોડે માણિભદ્ર પ્રધાનં;
પરદળ આવ્યાં દૂર પુલાયં, વૈરી કોઇ ન માડે પાયં. ૩૦
મારગ ભૂલ્યા મેલે સાથં, જળમાં ડૂબ્યાં દીયે હાથં;
આગ બળતી શીતળ નીરં, ધ્યાન ધરે માણિભદ્ર વીરં. ૩૧
બંધીખાનાથી છોડાયં, રાજા રૂઠયો સન્નમુખ થાયં;
ધાડ પરાણી ચોના ચોરં, તુમ નામે કોઇ ના કરે જોરં. ૩૨
ઘરધણીસુ નિરમળ ચિતં, તુમ નામે હોએ પુત્ર વિનિતં;
દક્ષણવર્ત ને ચિત્રાવેલં, તુજ નામે આવે રંગ રેલં. ૩૩
સોના સીદ્ધી પુરીશો જેહં, તુજ નામે રહે ઘરં નેહં;
કામકુમ્ભ ચિંતામણિ રત્નં, તુમ નામે રહે ઘરજત્નં. ૩૪
લક્ષ્મી ઘર આવી સ્વયમેવં, માણિભદ્ર તુમ તુઠયા દેવ;
હયગય પાયગ સુખપલં, મોટા મંદિર ભરીયા માલં. ૩૫
નવનિધિ ઘરતણો સંજોગં, માણિભદ્ર નામે સુખ ભોગં;
ઓંકાર જપીએ તુમ નામં, છીજે મુજ મન વાંછિત કામં. ૩૬
પવિત્રપણે ધરે તુમ ધ્યાનં, તે નર પામે જગમેં માનં;
સુરવર માંહી વડો જેમ ઇંદ્રં, ગ્રહગણમાંહિ વડો જેમ ચંદ્રં. ૩૭
બલવંતમાંહી બાહુબલ વીરં, વીરા માંહી માણિભદ્રવીર;
રચના કરે કવીશ્વર કોડં, કરી ન શકે તાહરી હોડં. ૩૮
શ્રવણે સુણતાં બહું સુખદાયં, દુ:ખ દારિદ્ર દૂર પુલાયં;
માણિભદ્ર તું જાગતી જોતં, ચતુર્વિધ સંઘને શાન્તિ અખંડ. ૩૯

## કલશ

(છપ્પો)

માણિભદ્ર તું દેવ સેવા મેં તાહરી કીધી;
દુ:ખ દારિદ્ર હોય જેહ તેહને શીખ જ દીધી.
દેવ માંહિ સિરતાજ, કાજ મુજ સઘળાં સારો;
મમ શત્રુ હોયે જેહ, તેહને ઉપ્રાંત જાતાં વારો.
તપે તારા ગ્રહ ચંદ્ર તપે ગિરિ મેરૂ અડગ તપો;
અખંડ પ્રતાપ અદ્દભુત જીહાં, લગે દિનકર તપો.
જાગતી જ્યોતિ જગમેં સહી, માણિભદ્ર સાચો સદા;
શાંતિસોમ કહે સુણો હો વીર, આપો મુજ સુખ સંપદા.

# શ્રી રાંદેર લાડુઆ શ્રીમાળી જૈન પંચાયત ટ્રસ્ટ

## રાંદેર, સુરત - ૩૯૫૦૦૫


## #~*~# ટ્રસ્ટી મંડળ #~*~#

| | | |
|---|---|---|
| (૧) | શ્રી સ્વ. સંઘવી ઝીણભાઇ નવલચંદ શાહ, | પ્રમુખ |
| (૨) | શ્રી મદનલાલ રતિલાલ શાહ | ઉપપ્રમુખ |
| (૩) | શ્રી જયંતિલાલ નવલચંદ મોદી | મંત્રી |
| (૪) | શ્રી સુંદરલાલ છગનલાલ શાહ | ટ્રસ્ટી |
| (૫) | શ્રી હિંમતલાલ નાનાભાઇ શાહ | ટ્રસ્ટી |
| (૬) | શ્રી ચંદ્રકાન્ત નાનાભાઇ શાહ | ટ્રસ્ટી |
| (૭) | શ્રી સુભાષચંદ્ર વસંતલાલ ઘીવાળા | ટ્રસ્ટી |
| (૮) | શ્રી ધ્રુવકાન્ત સાકેરલાલ શાહ | ટ્રસ્ટી |
| (૯) | શ્રી કીર્તિક્રાન્ત ઠાકોરદાસ શાહ | ટ્રસ્ટી |


~~~~~~~~
~~~~~~~~

